THURSDAY
૦૭-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૯
અંક : ૮૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### વિદ્યાર્થીઓને સ્કૂલ આવવાનું મરજિયાત : આકરા નિયમો સામે વિરોધ છતા સરકારની રાજહઠ

# ઈમ્તેહા ખતમ ઈન્તેઝાર કી : ૧૧મીથી શાળા શરૂ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૬

રાજય સરકાર દ્વારા શાળા અને કોલેજો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે જાહેરાત કરી છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં શાળા અને કોલેજો શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. કેન્દ્ર સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ શાળાઓ શરૂ કરવા માટે રાજય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધોરણ ૧૦ અને ૧૨, પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે. રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કેબિનેટની બેઠક બાદ જાહેરાત કરી છે કે, રાજય સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨દ્રક્ન વર્ગ ૧૧ જાન્યુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે. આગામી અન્ય ધોરણોના કલાસ શરૂ કરવા અંગે તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે અને સરકાર દ્વારા તેની જાહેરાત કરવામાં આવશે.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. નિયમોના પાલનની જવાબદારી અધિકારી, આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે જ વાલીઓએ સંમત્ત પત્ર આપવો પડશે. ધોરણ-૯-૧૦-૧૧-૧૨દ્રક્ન વર્ગો ઓડ ઈવન સિસ્ટમથી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓએ કે માતા-પિતાની સંમત્તિ લેવી ફરજિયાત છે. જો કોઈ વાલી પોતાના વિદ્યાર્થીને સ્કૂલમાં મોકલવામાં ના માંગતો હોય તો તેના માટે ઓનલાઈન શિક્ષણ વર્ગ પણ ચાલુ રહેશે.



આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતભરમાં સ્કૂલો શરૂ કરવા અંગે મોટો નિર્ણય લેવાયો છે. આ વિશે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા એ કહ્યું કે, ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ તથા પોસ્ટ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટનું શિક્ષણ ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ગુજરાત રાજયના તમામ બોર્ડ, સ્વનિર્ભર, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડશે. તો સાથે જ ધોરણ ૩ થી ૯ સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. આ અંગે કેન્દ્ર સરકારની એસઓપીનો રાજય સરકારે વિચાર કર્યો. તમામ એસઓપી તમામ સંસ્થાઓને મોકલી આપવામાં આવી છે. ત્યારે શાળાઓએ તમામ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે. આ સાથે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ મળે તેવી પણ જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરાઈ છે. જેથી ગુજરાતમાં કોઈ પણ ધોરણમાં માસ પ્રમોશન આપવામાં નહિ આવે.

સીધી રીતે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની વાત નકારી કાઢી છે. જોકે, વિદ્યાર્થીઓને સ્કૂલ આવવાનું મરજિયાત કરાયું છે. સાથે જ વિદ્યાર્થીઓને વાલીઓની સહમતિ બાદ સ્કૂલમાં આવવા દેવાશે. આમ, સરકારના આ નિર્ણયની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી. ગુજરાત સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજ ખૂલશે. માસ પ્રમોશન અંગે જાહેરાત કરતા શિક્ષણમંત્રીએ કહ્યું કે, જેટલુ ભણાવીશું તેની પરીક્ષા લેવાશે, વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. ગુજરાતમાં બોગસ ડિગ્રી અંગે કોઈ પણનો પણ કયાંય આ પ્રકારનું કામ ચાલતુ નથી. દરેક યુનિવર્સિટીમાં તપાસ કરી છે. તપાસ ચાલુ છે. જો કોઈ કસૂરવાર હશે તો સખતમાં સખત પગલા લેવાશે. શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. આ શિક્ષણકાર્ય ઉપરાંત ઓનલાઈન શિક્ષણ ચાલુ છે તે પણ ચાલુ રહેશે. અન્ય વર્ગોને શરૂ કરવા માટે તબક્કાવાર નિર્ણય લેવાશે. આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય જાહેરાતો પણ કરાશે.

### નિર્ણયથી વાલીઓ અસહમત

ગુજરાતમાં ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરુ કરવાને લઇને સરકારે મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે. જો સ્કૂલ શરુ કરવાના નિર્ણયને લઇને ફેડરેશન ઓફ પેરેન્ટસ એસોસિએશનના સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરુ કરવાના નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે સરકારના આ નિર્ણયનો ફેડરેશન ઓફ પેરેન્ટસ એસોસિએશનના સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ફેડરેશન એસોસિએશનના સભ્યો વિરોધની રજૂઆત કરવા કમલમ પહોંચ્યાં હતા. એસોસિએશનના સભ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી કે વેક્સિનનું સફળ પરીક્ષણ ન થાય ત્યાં સુધી સ્કૂલ ન ખોલવા માંગ કરી હતી. આ અંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષને રજૂઆત કરવા કમલમ પહોંચ્યાં.

## મોદી અંગત અહંકારના કારણે દેશની કરે છે નુકસાની : પ્રણવદાએ પુસ્તકમાં કાઢી ઝાટકણી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની સાથે સંમત ન હોય એવા અસંમતિના સૂર પણ સાંભળવા જોઈએ એવું સદ્ગત રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી માનતા હતા. પોતાના અંતિમ પુસ્તકમાં પ્રણવદાએ આ વિચાર વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યું કે સંસદમાં વડા પ્રધાનની હાજરીથી કામકાજમાં ઘણો ફરક પડે છે. વડા પ્રધાને દેશને લગતી તમામ સમસ્યાઓ વિશે વિપક્ષોને વિશ્વાસમાં લઈને બોલવું જોઈએ. સંસદમાં વડા પ્રધાનનો અવાજ સદા સંભળાતો રહેવો જોઈએ. પ્રણવદાએ રાષ્ટ્રપતિ તરીકેનાં પોતાનાં સંસ્મરણો ધ પ્રેસિડેન્શ્યલ યર્સ ૨૦૧૨-૨૧૭ પુસ્તકમાં મુક્ત મને કેટલાક વિચારો રજૂ કર્યા હતા. પોતાના નિધન પહેલાં ગયા વરસે તેમણે આ પુસ્તક પૂરું કર્યું હતું. આ પુસ્તકમાં તેમણે લખ્યું છે, ' પંડિત જવાહર લાલ નહેરુ હોય કે ઈંદિરા ગાંધી હોય, અટલ બિહારી વાજપેયી હોય કે પછી મનમોહન સિંઘ હોય, આ દરેકે સંસદમાં પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો હતો.




એક રિપોર્ટ મુજબ પ્રણવદાએ લખ્યું છે, 'વડા પ્રધાન તરીકેના પોતાના આ બીજા કાર્યકાળમાં શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના પુરોગામી વડા પ્રધાનોનાં કામમાંથી પ્રેરણા લેવી જોઈએ. પહેલા કાર્યકાળમાં જે સંસદીય સંકટ આપણે સૌએ જોયું હતું એમાંથી બચવા માટે વડા પ્રધાને પોતાની હાજરી સતત રાખવી જોઈએ. વડા પ્રધાન મોદીએ અસંમતિનો સૂર પણ સાંભળવો જોઈએ અને સંસદમાં બને તેટલી વધુ વખત બોલતાં રહેવું જોઈએ. વિપક્ષોને સમજાવવા અને દેશને પરિસ્થિતિથી વાકેફ રાખવા સંસદનો એક મંચ તરીકે ઉપયોગ કરીને સતત બોલતાં રહેવું જોઈએ.'

પ્રણવદાએ એનડીએ સરકારના પ્રથમ કાર્યકાળ ૨૦૧૪-૨૦૧૯ વિશે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે સંસદને સુચારુ રૂપે અને યોગ્ય કામકાજ માટે સુનિશ્ચિત કરવાની જવાબદારી અદા કરવામાં એનડીએ નિષ્ફળ નીવડ્યો હતો એમ લખ્યું છે.

## ભારતના પંથે અમેરિકા : ૮ ચીની એપ્સ પર પ્રતિબંધ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૬

વિદાય લઈ રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને વધુ એક આંચકો આપ્યો હતો. વ્યાપારી લેવડદેવડ માટે વપરાતી આઠ એપ પર અમેરિકાએ બૅન જાહેર કર્યો હતો.





આવી આઠ સોફ્ટવેર એપમાં વીચૈટ પે અને જેક માના એંટ ગ્રુપની અલીપેનો પણ સમાવેશ થયો હતો. આ આઠ એપ પર બૅન લાદતા આદેશ પર મંગળવારે ડોનાલ્ડ ટ્રમ્પે સહીસિક્કા કર્યા હતા. આ તમામ એપ ચીની કંપનીઓની છે. ટ્રમ્પે એવો આક્ષેપ કર્યો હતો કે આ એપ્સ દ્વારા વપરાશકારોના ડેટા ચીનમાં પહોંચી રહ્યા હતા. આ રીતે આ એપ્સ દ્વારા ચીન જાસૂસી કરી રહ્યું હતું. આ આદેશનો અમલ ૪૫ દિવસ પછી થશે. જો કે એ પહેલાં ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાલી કરી નાખ્યું હશે. આ આદેશ પર સહી સિક્કા કરવા અગાઉ ટ્રમ્પે બાઈડન વહીવટ કરતા ગ્રુપ સાથે કોઈ ચર્ચા વિચારણા કરી નહોતી.

એક સરકારી અધિકારીએ કહ્યું હતું કે જે આઠ એપ્સ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો એ આઠ મહત્તમ ડાઉનલોડ કરવામાં આવતી હતી. એટલે કે ટ્રમ્પનો આક્ષેપ સાચો હોય તો કરોડો વપરાશકારોના ડેટા ચીનને મળી ચૂક્યા હતા.

અત્યાર અગાઉ ટ્રમ્પ શાસને ચીનની બાઈટડાન્સની વિડિયો એપ ટીકટૉક પર પ્રતિબંધ લાદ્યો હતો. જો કે અમેરિકી કોર્ટે આ પ્રતિબંધને ગેરકાયદે જાહેર કરીને એનો અમલ અટકાવી દીધો હતો. અત્રે એ યાદ કરવા જેવું છે કે અમેરિકાની પહેલાં ભારત સરકારે ચીનની ૨૨૪ એપ્સ પર પ્રતિબંધ ઝાહેર કર્યો હતો જેનું અમેરિકા અને અમેરિકી સેનેટર્સે સ્વાગત કર્યું હતું.

જો કે એવું પણ બની શકે કે વિદાય લઈ રહેલા પ્રમુખના આ આદેશને કોઈ વપરાશકાર કોર્ટમાં પડકારે અને કોર્ટ આ આદેશને પણ રદ કરે અથવા બાઈડન સત્તા પર આવ્યા બાદ કદાચ આ આદેશમાં કોઈ ફેરફાર કરે કે એને રદ કરે.




## ખેડૂત આંદોલન પર સરકારના પેટનું પાણી ન હલતા અંતે સુપ્રિમે ચિંતા વ્યક્ત કરી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્ર સરકારે લાગુ કરેલા ત્રણ કૃષિ કાયદાની સામે છેલ્લા એક મહિનાથી પણ વધારે સમયથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પર સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. કૃષિ કાયદાની સામે થયેલી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે પરિસ્થિતિને સમજીએ છીએ અને અમે એવું ઈચ્છીએ છીએ કે, વાતચીતથી મામલાનો ઉકેલ આવે.

નવા કૃષિ કાયદાની બંધારણીય માન્યતાને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં કરવામાં આવી હતી. જેના પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું હતું કે, લાંબા સમયથી વિરોધ કરી રહેલા ખેડૂતોને ધ્યાને લઈ અમને પરિસ્થિતિમાં કોઈ બદલાવ દેખાતો નથી. કોર્ટ ખેડૂત આંદોલન અને કૃષિ કાયદાની અરજી પર સોમવારે સુનાવણી કરશે. હજારોની સંખ્યામાં ખેડૂતો તા.૨૬ નવેમ્બરથી દિલ્હીની જુદી જુદી બોર્ડર પર ત્રણેય કૃષિ કાયદાને રદ કરવાની માગ લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ માહોલ વચ્ચે સરકાર અને ખેડૂતો વચ્ચે આઠ રાઉન્ડમાં વાતચીત થયેલી છે. પણ તમામ બેઠકનું કોઈ પરિણામ આવ્યું નથી. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, અમે પરિસ્થિતિ સમજીએ છીએ. સુનાવણી દરમિયાન સરકાર તરફથી જનરલ તુષાર મહેતા અને એટર્ની જનરલ કે.કે. વેણુંગોપાલ ખાસ હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં કહ્યું હતું કે, ટૂંક જ સમયમાં ખેડૂતોના આ મુદ્દાનો નીવેડો આવશે એવી આશા વ્યક્ત કરીએ છીએ. જેથી આ વિરોધ ખતમ થશે. આ કેસમાં તમામ સુનાવણી હવે તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ થશે.

સરકાર તરફથી તુષાર મહેતાએ કહ્યું કે, આ કેસમાં કૃષિ કાયદા અને ખેડૂત આંદોલનના મામલે સુનાવણીની કોઈ જરૂર નથી.

## કોરોના મામલે ચીનની દાદાગીરી : WHOને નો એન્ટ્રી

(જી.એન.એસ.)જિનિવા,તા.૬

ચીને કોરોના વાયરસના સ્ત્રોતની તપાસ કરવા આવી રહેલી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની તપાસ ટીમને દેશમાં પ્રવેશવાની પરવાનગી આપવાની ના કહી દીધી છે. ચીન દ્વારા ઈન્વેસ્ટિગેશન ટીમને પરવાનગી ના આપવાના સમાચાર એવા સમયે આવ્યા છે, જ્યારે બેઈજિંગ પર એ આરોપ લાગ્યો છે કે તે કોરોના વાયરસને લઈને ઘણું બધું છુપાવી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે વર્ષ ૨૦૧૯ના અંતિમ દિવસોમાં કોરોના વાયરસ ચીનના વુહાન શહેરથી આખી દુનિયામાં ફેલાયો.

## જર્મનીમાં પણ ૩૧ જાન્યુઆરી સુધી સખ્ત લોકડાઉનની જાહેરાત

(જી.એન.એસ.)બર્લિન,તા.૬

બ્રિટન બાદ હવે જર્મનીએ પણ લોકડાઉન નાંખવાની જાહેરાત કરી છે. જર્મન ચાન્સેલર એન્જેલા મર્કલે પ્રેસ કોન્ફરન્સ કરીને દેશમાં ૩૧ જાન્યુઆરી સુધી લોકડાઉન લાદવાની જાહેરાત કરી હતી. આ સાથે લોકડાઉનના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. એન્જેલા મર્કલે જણાવ્યું કે, દેશમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યાં છે.અમે ૩૧ જાન્યુઆરી સુધી દેશમાં લોકડાઉન લગાવી રહ્યાં છીએ. અમે લોકોના હિતમાં પગલું ભર્યું છે. સમગ્ર જર્મનીમાં પ્રથમ વખત બિન જરૂરી યાત્રા માટે નવા નિયમ લાગુ કરવામાં આવ્યા છે. નવા નિયમ પ્રમાણે ઘરમાંથી કોઈ એક જ વ્યક્તિ મંજૂરીથી બહાર નીકળી શકશે. તે સિવાય કોઈ બહાર નહીં જઈ શકે. ગાઈડલાઈન મુજબ, જાન્યુઆરીના અંત સુધી દુકાનો અને રેસ્ટોરાં બંધ રહેશે. મહિનાના અંત સુધી ઓનલાઈન યોજાતા વર્ગોની સાથે સ્કૂલો પણ બંધ રહેશે.



## બિહારમાં કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોની પક્ષપલ્ટાની વકી, પરંતુ પક્ષનો નનૈયો

(જી.એન.એસ.)પટના,તા.૬


બિહારની રાજનીતિમાં એક નવો ભૂકંપ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે બિહાર કૉંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય ભરત સિંહે દાવો કર્યો છે કે કૉંગ્રેસના ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડી શકે છે. તેમણે કહ્યું કે, પાર્ટીમાં જલદી મોટી ફાડ પડશે અને ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડી દેશે. જો કે કૉંગ્રેસ હાઈકમાન્ડે ભરત સિંહના નિવેદનને ફગાવી દીધું છે.

કૉંગ્રેસ નેતા ભરત સિંહે કહ્યું કે, ૧૯ ધારાસભ્યોમાંથી ૧૧ ધારાસભ્યો એવા છે જે કૉંગ્રેસ પાર્ટીથી નથી, પરંતુ ચૂંટણી જીતી ગયા છે. આ લોકોએ પૈસા આપીને ટિકિટ ખરીદી અને ધારાસભ્ય બની ગયા. સંખ્યાબળથી પોતાને મજબૂત કરવા માટે એનડીએ કાર્યરત છે. કૉંગ્રેસ ધારાસભ્ય દળના નેતા અજીત શર્મા પણ આવા લોકોમાં સામેલ છે, જે પાર્ટી તોડવા ઈચ્છે છે.

કૉંગ્રેસ નેતા ભરત સિંહે આરોપ લગાવ્યો કે, “જે ૧૧ ધારાસભ્યો પાર્ટી છોડવા ઈચ્છે છે તે તમામના માર્ગદર્શક કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ મદન મોહન ઝા, રાજ્યસભા સાંસદ અખિલેશ પ્રસાદ સિંહ અને વરિષ્ઠ કૉંગ્રેસ નેતા સદાનંદ સિંહ છે. રાજ્યપાલ કોટાથી અત્યારે એમએલસીનું નૉમિનેશન થવાનું છે. સદાનંદ સિંહ અને મદન મોહન ઝા એમએલસી બનવાની ફિરાકમાં છે.”

# વર્ગ-૨ના પોલીસ અધિકારીની એપ્રિલ-જૂનમાં પરીક્ષા યોજાશે

## જી.પી.એસ.સી. દ્વારા એપ્રિલમાં શારીરિક તથા જૂનમાં આખરી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર




ચક્રવાત ટીમ રાજકોટ,તા.૬

રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં લેવાયેલ પરીક્ષા બાદ વર્ગ-૨ના પોલીસ ઈન્સ્પેક્ટરની ભરતી માટેના ઉમેદવારોની શારીરિક પરીક્ષા આગામી તા. ૨૨થી ૨૬ એપ્રિલના રોજ યાજાશે. ત્યારબાદની નિર્ણાયક પરીક્ષા જૂન માસમાં યોજાશે. તેમ સેવા મંડળના અધ્યક્ષ દાસાની યાદીમાં જણાવાયું છે.

તાજેતરમાં તા.૩ના રોજ સેવા મંડળ દ્વારા યોજાયેલ પરીક્ષા બાદ રાજ્યમાં અમલદાર બનવા થનગનતા ઈચ્છુક ઉમેદવારો ઉત્તિર્ણ થયેલ હોય તેમાં રાજ્યમાં બિનહથિયારધારી પોલીસ દળમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે જોડાવા ઈચ્છતા ઉમેદવારોની શારીરિક કસોટી તા. ૨૨થી ૨૬ એપ્રિલ વચ્ચે યોજાનાર છે ત્યારબાદ આખરી કસોટી જૂન માસમાં યોજાશે.

# રાજકોટ નવા ૧૫૦ રિંગ રોડ પર ત્રિપલ અકસ્માત : બે ઘાયલ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૬

૧૫૦ ફૂટ રિંગરોડ થી રાજકોટ હાઈવે તરફ જતા એક ટ્રક સાથે બે કાર અથડાઈ હતી. નવા ૧૫૦ ફૂટ રિંગરોડ તરફથી આવતા ઈન્ડેનનાં ટ્રકે રાજકોટ જવા તરફના માર્ગ પર વળાંક લીધો હતો. દરમિયાન સૌથી પહેલા એક સફેદ કલરની વેગનઆર કાર ટ્રક સાથે અથડાઈ હતી. જોતજોતામાં તેની પ ાછળ આવી રહેલી ગ્રે કલરની I-૨૦ કાર અથડાઈ હતી. ઈન્ડેન ગેસ કંપનીનાં ટ્રક અને બે કાર વચ્ચેનાં વિચિત્ર અકસ્માતને લઈને ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાયા હતાં. જો કે ઘટનાની જાણ થતાં પોલીસ અને ૧૦૮ની ટીમો દોડી ગઈ હતી. અને ૧૦૮ મારફતે ઘાયલોને સારવાર માટે ખસેડી પોલીસે ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. જો કે સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી. પરંતુ બંને કારોમાં વ્યાપક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સાથે બંને કાર ચાલકો પણ ઈજાગ્રસ્ત થયા હતા.

# રાજ્યમાં ૧૦ દિવસના અંતે કાતિલ ઠંડીમાં નજીવી રાહત

## અત્યંત ઠંડા રહેતા શહેરોમાં ૧ ડીગ્રી તેમજ અન્ય શહેરોમાં ૨ થી ૪ ડીગ્રી તાપમાન ઉંચકાયુ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૬

રાજ્યમાં છેલ્લા દશેક દિવસથી ચાલી રહેલ ઠંડીનો પ્રકોપ આજે પણ રાજ્યનાં અનેક સ્થળોએ જોવા મળ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી ઈશાનના ફૂકાતા મંદ પવનની ગતિમાં નજીવો વધારો નોંધાવાની સાથે હવામાં ભેજનું પ્રમાણ વધતાં રાત્રીના સમયે ગાઢ ધુમ્મસ છવાતા વાતારવણમાં ઠાર વ્યાપી જવા પામેલ. રાજ્યમાં નીચા રહેતા તાપમાનમાં નજીવો ફેરફાર પણ એક થી બે ડીગ્રી સુધી તાપમાન ઉચકાયેલ જોવા મળ્યુ હતું.

રાજ્યમાં આજે નલિયા ૫.૬, કેશોદ ૯.૩, અમરેલી ૧૦.૨, કંડલા વિમાન મથક ૯.૫, ગિરનાર ૯.૯, ડીસા ૧૦.૫, ગાંધીનગર ૧૦, અમરેલી ૧૦.૮, વલસાડ ૧૧, સુરેન્દ્રનગર ૧૧.૫, અમદાવાદ ૧૧.૬, વિદ્યાનગર ૧૨.૧, મહુવા ૧૨.૫, વેરાવળ ૧૦, ભાવનગર ૧૩.૨, વડોદરા ૧૩.૮, દિવ ૧૪.૧, દ્વારકા ૧૪.૪ અને જૂનાગઢ ૧૪.૯ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. રાજ્યનાં કેટલાક શહેરોમાં ૩ થી ૪ ડીગ્રી જેવો તાપમાનનો પારો આજે અચાનક ઉંચકાયેલ જોવા મળેલ જ્યારે સામાન્ય રીતે રાજ્યમાં સૌથી ઠંડી નોંધાયેલ હોય તેવા શહેરોમાં એક ડીગ્રી જેવું તાપમાન ઉંચકાયેલ હતું.

**મંદ પવનની ગતિ વધતાં હવામાં ભેજનું પ્રમાણ વધતા રાત્રીના લોકોને ઠારનો અનુભવ થયો**

# વિચરતી અને વિમુક્ત જાતી વિકાસ નિગમના ડિરેક્ટર પદે યુવા અગ્રણી તરીકે પ્રદ્યુમનભાઈને નિમવા માંગ



વિચરતી અને વિમુક્ત જાતી માં આવતા ગાડલીયા લુહાર સમુદાયના સામાજીક, શૈક્ષણિક, રાજકીય ક્ષેત્રે શ્રી પ્રધ્યૂમનભાઈ કાર્યરત છે..તેમજ સમાજ હિતેચ્છુ પણ છે તેઓ સમગ્ર વિચરતી અને વિમુક્ત જાતી માટે છેલ્લા ઘણા વર્ષોથી નિઃસ્વાર્થ કાર્ય કરી રહ્યા છે. પોતાના ગાડલીયા લુહાર સમાજ નહિ પરંતુ સમાજ થી ઉપર ઊઠીને સમગ્રતા ના કામ કરવાની ઈચ્છા રાખનાર ને નિગમ માં ડિરેક્ટર નિમણુંક આપવામાં આવે તો એ ઘણું બધું કામ કરી શકે તેમ છે. પ્રદ્યુમનભાઈ (નેતાજી) એક ઉમદા વ્યક્તિ છે. સમગ્ર ગાડલીયા લુહાર સમાજ ના લોકો તેમનું કહેવું માને પણ છે તે પ્રમાણે કાર્ય પણ કરે છે. પ્રદ્યુમનભાઈ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતભર ના ગાડલીયા લુહાર તેમજ કેટલાક વિચરતી જાતી ના લોકો તેમની કાર્યશૈલી મુજબ આગળ વધવા ની ઈચ્છા રાખે છે. અમારી એટલે કે સમગ્ર ગાડલીયા લુહાર તેમજ અન્ય વિચરતી જાતી ની તકલીફો માં પ્રદ્યુમન ભાઈ સાથે રહ્યા છે જેના કારણે સમગ્ર વિચરતી જાતી તેમની વાતો માનતો થયો છે. પ્રદ્યુમન ભાઈ સમગ્ર ગુજરાત માં વસતા વિચરતી જાતી લોકો ની વસાહતો માં ફરી રહ્યા છે. તેમજ વિચરતી જાતી ના લોકો માટે આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ ,જાતી પ્રમાણપત્ર, તેમજ ઘર વિહોણા લોકો ને પોતાનું ઘર મળે તે માટે લાગતા વળગતા અધિકારીઓ પાસે રજુઆત કરી રહ્યા છે તેમજ તેના પરીણામો પણ મળી રહ્યા છે વળી પાછા પોતાનો સમય તેમજ પૈસા ખર્ચીને સમગ્ર ગાડલીયા લુહાર સમાજ માટે રાત દિવસ કામ કરે છે સમાજ તેમની આ લાગણી જોઈને તેમના કાર્ય ને બિરદાવી રહ્યા છે. વળી પાછુ જ્યાર થી નિગમ બોર્ડ બન્યું ત્યાર થી અત્યાર સુધીમાં કોઈ પણ ગાડલીયા લુહાર સમાજ ના સાચા સેવક ને સ્થાન મળ્યું નથી અને જો આગામી સમયમાં ગાડલીયા લુહાર સમુદાય માંથી જો કોઈ સારી વ્યક્તિ નિગમ માં ડિરેક્ટર તરીકે બેસે તો સૌ કોઈ નું ભલું વિચારી શકે. અત્યાર સુધી નિગમ દ્વારા માત્ર ને માત્ર લૉન આપ વા નું જ કાર્ય કરે છે પ્રદ્યુમન ની નજરે માત્ર લૉન પુરતું મર્યાદિત ના રાખતા તેને વિસ્તારવાની દ્રષ્ટિ પણ તેમના માં છેૅ નિગમ બોર્ડ માં પ્રદ્યુમન ભાઈ ને ડિરેક્ટર તરીકે ની જવાબદારી સોંપવામાં આવે તો ગાડલીયા લુહાર સહિત સમગ્ર ૪૦ વિચરતી જાતીઓ નું ભલું થઈ શકે છે ને નિગમ બોર્ડ નો કાર્ય કરવાનો વ્યાપ પણ વધી શકે તેમ છે. તે હેતુથી સમગ્ર ગુજરાત ગાડલીયા લુહાર સમાજ ના કાર્ય કરવાની લાગણી ને ધ્યાન માં રાખીને નિગમ માં આગામી દિવસોમાં થનાર ફેરફાર માં પ્રદ્યુમન ભાઈ ને ડિરેક્ટર પદ ની ભૂમિકા આપવા સમગ્ર ગાડલીયા લુહાર સમાજ ની માંગણી છે.

# ઉપલેટામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપલેટા દ્વારા BAPS મંદિર ખાતે સમન્વય બેઠક યોજાઈ



ચક્રવાત ટીમ કાના સુવા,તા.૬

સ્વાભિમાન યુક્ત હિન્દુ સમાજના નિર્માણ માટે આપણે સૌ કાર્યકર્તાઓ છીએ ત્યારે અયોધ્યા શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રનુ નિર્માણ તમામ હિન્દુ પરિવારના સહયોગથી થશે. વિવિધ ક્ષેત્ર તથા સેવાકીય સંસ્થાઓમાં નેતૃત્વ કરનાર કાર્યકર્તાઓની "સમન્વય બેઠક" યોજાયેલ. આ બેઠકમાં ઉપલેટા શહેર અને તાલુકમાં આ મહાયજ્ઞના સમિલ થવા ઉપલેટા શહેર અને તાલુકાના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.

આ કાર્યક્રમ ઉપલેટા બી.એ.પી. એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપલેટા દ્વારા સમન્વય બેઠકનુ આયોજન કરવામાં આવેલું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના સામાજિક સંસ્થાના તથા તાલુકા અને નગરમાંથી સ્વયંસેવકો તેમજ સામાજીક આગેવાનો પણ ઉપ સ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની અંદર સૌપ્રથમ ભગવાન શ્રી રામચંદ્રજીના ગીત સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ મુખ્ય પ્રવકતા કિશોરભાઈ મુંગલપરા કે જેવો સૌરાષ્ટ્રના પ્રાંત કાર્યવાહ છે તેમના દ્વારા મંદિર વિશેની વાતો તાજી કરી હતી જેમાં અયોધ્યામાં ભગવાન શ્રીરામનું મુગટ વાળું મંદિર બનશે તેવી પણ વાત કરવામાં આવી હતી આ બનનાર મંદિરની ઉંચાઈ ૧૫૧ ફૂટ હશે જેમાં કુલ ત્રણ માળનું મંદિર બનાવવામાં આવશે.

પ્રથમ માળની ઊંચાઈ ૨૦ ફૂટ રહેશે જેમાં પુસ્તકાલય પ્રદર્શન, ધર્મશાળા, સભા સ્થળ, યજ્ઞશાળા, સત્સંગ ભવન બનાવવામાં આવશે. આ સાથે દરેક હિન્દુ પરિવારને સહયોગ આપવા માટે તેમજ સમગ્ર સમાજને સાત્વિક દાન આપવા માટે આહવાન પણ કરવામાં આવ્યું હતું. તાલુકાના સંયોજક દ્વારા તાલુકાના બધા જ ગામોનું સુંદર આયોજન કરેલ અને દરેક ગામની અંદર બેઠકો નક્કી કરી અને નિધિ એકત્ર કરવામાં આવશે તેમજ નગર સંયોજક દ્વારા ઉપલેટા નગરમાં પણ વિધિસર બેઠકનું આયોજન કરવામાં આવશે.

# વાંકાનેરના મેસરિયા ગામે ગળેફાસો ખાઈ યુવતીએ આપઘાત કરી લેતા ચકચાર

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૬

વાંકાનેર તાલુકના મેસરિયા ગામ ખાતે રહેતી એક યુવતીએ ગળેફાસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે જેમાં વાંકાનેર તાલુકા પોલીસે આ બનાવની નોંધ કરી કાયદેસરની કાયર્વાહી હાથ ધરી છે...

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકના મેસરિયા ગામ ખાતે રહેતી શીતલ વિનુભાઈ રાઠોડ નામની યુવતીએ પોતાની ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવ અનુસંધાને વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા યુવતીના મૃતદેહને પી.એમ. માટે હોસ્પિટલ ખાતે ખસેડી કાયદેસરની કાયર્વાહી હાથ ધરી હતી.







**નાયબ કલેકટરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં રેલ અધિકારીઓ અને ખેડુત આગેવાનો હાજર**

# સોમનાથ-કોડીનાર નવી રેલ લાઈન મામલે બેઠક નિષ્ફળ

## રેલ અધિકારીઓએ જમીનનો સર્વે કરવા દેવા કરેલી માગણી સામે ખેડુતોએ વિરોધ દર્શાવ્યો



ચક્રવાત ટીમ ગીર સોમનાથ,તા.૬

વેરાવળ-કોડીનાર વચ્ચે નવી રેલ્વે લાઈન નાંખવાના પ્રોજેકટના લીધે સર્જાયેલા વિવાદના નીવેડા માટે નાયબ કલેક્ટરની અધ્યક્ષતા હેઠળ રેલ અધિકારીઓ અને ખેડુત આગેવાનોની બેઠક મળી હતી. જેમાં રેલ અધિકારીઓએ લાઈન માટે જમીનનો સર્વે કરવા દેવા માંગણી કરેલી જેનો ખેડુતો આગેવાનોએ વિરોધ કર્યો હતો. જેથી આ બેઠક અનિર્ણીત રહી હતી. આગામી દિવસોમાં ફરી આ મામલે બેઠક બોલાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

આજે વેરાવળ પ્રાંત કચેરી ખાતે નાયબ કલેકટરના અધ્યક્ષસ્થાને રેલ અધિકારીઓ અને ખેડુતો આગેવાનોની બેઠક મળી હતી. જેમાં અગાઉ ખેડુતોએ ઉઠાવેલ અમુક સવાલોના જવાબ રેલ અધિકારીઓએ લેખીતમાં નાયબ કલેક્ટરને આપેલ હતા. જેમાં રેલ વિભાગએ જણાવેલ કે, વેરાવળ-કોડીનાર નવી રેલ લાઈન નાંખવા માટે ગ્રામપંચાયતોને વિશ્વાસમાં લઈ કામગીરી કરાશે. આ પ્રોજેકટમાં ઓછામાં ઓછી ખેડુતોની જમીનનું અધિગ્રહણ કરવામાં આવશે. હયાત મીટરગેજ લાઈન વેરાવળથી કોડીનાર અને દેલવાડા રૂટ પર બ્રોડગેજ લાઈન સંભવ નથી. જેના કારણે ઘણા સર્વેક્ષણો બાદ સોમનાથથી કોડીનાર નવી રેલ લાઈન નાંખવાની યોજના બનાવવામાં આવી છે. આ સહિત આઠેક જેટલા સ્પષ્ટીકરણ કરતા જવાબો આપેલ હતા. તો બીજી તરફ ખેડૂત આગેવાન રમેશ બારડએ જણાવેલ ક, ગીર સોમનાથ જીલ્લાના ચાર ઉદ્યોગો માટે જ સોમનાથ થી કોડીનાર સુધી નવી રેલવે લાઈન નાંખવાનો સરકારનો ખાસ પ્રોજેક્ટ છે. નવી રેલવે લાઈન નાંખવાથી વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર ત્રણ તાલુકાના ૧૯ ગામોના ૧૧૦૦ ખેડુતોની જમીન સંપાદિત થશે. જેમાં ૪૫૦ ખેડુતો ખેડૂત ખાતેદાર તરીકે જ મટી જશે સાથે અનેક ખેડુતો જમીન વિહોણા પણ બની જશે. ખેડુતો દ્વારા નવી રેલવે લાઈનના બદલે હયાત મીટર ગેજ લાઈન ને રૂપાંતરિત કરવા માંગણી કરવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, સોમનાથથી કોડીનાર વચ્ચે નવી રેલ લાઈન નાંખવાના પ્રોજેક્ટની જાહેરાત કરાઈ ત્યારથી આજ દિન સુધી લાંબા સમયથી ખેડુતો વિરોધ કરી રહ્યા છે. જેમાં ખેડૂતો કોઈ પણ ભોગે રેલવે લાઈન ન નાખવા દેવા મક્કમ હોઈ તેવું જણાઈ રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં ફરી મળનાર બેઠકમાં શું થાય છે તે હવે જોવાનું રહેશે.

# ૨૦ વર્ષથી એક જ ઓરડીમાં રહેતા ૬૫ વર્ષના અપરિણીત વૃદ્ધા મળ્યા

(જી.એન.એસ.)જામનગર,તા.૬

રાજકોટના સાથી સેવા ગ્રુપના જલ્પાબેન પટેલ અને તેમની ટીમે વધુ એક માનવતા મહેકાવતું કાર્ય કર્યુ છે. ૪ જાન્યુઆરીના રોજ જલ્પ ાબેન પટેલ અને તેમની ટીમ સાંજે ૭ વાગ્યે ધ્રોલ પહોંચી હતી. ધ્રોલમાં ૬૦ તોલા સોનુ, ત્રણ મકાન હોવા છતાં પણ કંચનબેન મગનભાઈ પીપળીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધા છેલ્લા ૨૦ વર્ષથી એક જ ઓરડીમાં એકલાયું જીવન જીવતા હતા. સાથી સેવા ગ્રુપે ઓરડીમાં જોયું તો કંચનબેન નિર્વસ્ત્ર હાલતમાં જોવા મળ્યાં હતા. બહાર કાઢ્યા તો તેમના વાળ ૮ ફૂટ જેટલા વધી ગયા હોવાનું જોવા મળ્યું હતું. સાથી સેવા ગ્રુપે કંચનબેનને બહાર કાઢી સૌપ્રથમ તો ભજીયા ખવડાવ્યા હતા. બાદમાં તેમના વાળ કાપવામાં આવ્યા હતા. તેમજ નવડાવી નવા વસ્ત્રો પહેરવામાં આવ્યા હતા. સાથી સેવા ગ્રુપની સરાહનીય કામગીરીથી પ ાડોશમાં રહેતા લોકો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

બાદમાં જલ્પાબેને કંચનબેનના ભત્રીજાનો ફોનમાં સંપર્ક કરતા પ રિવારજનોએ તેમને સ્વીકારવા ઈક્નાર કર્યો હતો. આથી જલ્પાબેને સુરત માનવ મંદિર આશ્રમનો સંપર્ક કરતા અહીં મોકલી દેવા જણાવ્યું હતું. આથી સાથી સેવા ગ્રુપે તેમને બીજા દિવસે એટલે કે ૫ જાન્યુઆરીએ સુરત મોકલી દીધા હતા. જલ્પાબેને જણાવ્યું હતું કે, કંચનબેને લગ્ન કર્યા ન હોવાથી એક જ ઓરડીમાં એકલવાયું જીવન જીવતા હતા. શેરીમાં રહેતા આજુબાજુના લોકો તેમને નાસ્તો અને જમવાનું આપતા હતા. પાડોશીના કહેવા મુજબ કંચનબેન છેલ્લા ૧૫ વર્ષથી ન્હાયા નહોતા. માજી પાસે ૬૦ તોલા સોનુ હતું. માજીની સારવાર થાય અને ત્રણ ટાઈમ ભોજન મળી રહે તે માટે સુરત માનવ મંદિર આશ્રમ ખાતે ખસેડવામાં આવ્યા છે. સાથી સેવા ગ્રુપ આવા કામ કરવા હંમેશા તત્પર રહે છે. આવી કોઈ પણ વ્યક્તિ તમારા ધ્યાનમાં આવે તો સાથી સેવા ગ્રુપને ફોન કરો અને કોઈને નવુ જીવન આપ વામાં મદદ કરો તેવી મારી અપીલ છે. કંચનબેન સુરત માનવ મંદિર આશ્રમ ખાતે પહોંચતા જ સંચાલકે સાથી સેવા ગ્રુપના જલ્પાબેન અને તેમની ટીમનો આભાર માન્યો હતો. સુરત માનવ મંદિર આશ્રમે સોશિય મીડિયામાં વીડિયો વાઈરલ કરી આવા લોકો તમારા ધ્યાનમાં આવે તો અહીં મોકલી દેવા વિનંતી કરી હતી.

# ગીર સોમનાથ જિલ્લામાં લગ્ન સમારંભ માટે પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરાયા



ગીર સોમનાથ તા. ૬

ગીર સોમનાથ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અજય પ્રકાશને મળેલ સત્તાની રૂએ એપેડેમિક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન-૨૦૨૦ના નિયમ-૧૨ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે. લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ સંદર્ભે સરકારશ્રીની કોવિડ-૧૯ અંગેની ગાઈડ લાઈન માર્ગદર્શિકાઓનુ પાલન કરવાની શરતે ખુલ્લા/બંધ સ્થળોએ સ્થળની ક્ષમતાના ૫૦ ટકા થી વધુ પરંતુ મહતમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગોનું આયોજન કરી શકાશે. મૂત્યુના કિસ્સામાં અંતિમક્રિયા/ધાર્મિક વિધીના કિસ્સામાં મહતમ ૫૦ વ્યકિતઓ જોડાઈ શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ નોંધવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપ૨ની કક્ષાના પોલીસ સ્ટાફને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામુ તાત્કાલીક અસરથી તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

# સંસ્થાકિય સમાચારો

## ઝૂંપડપટ્ટીમાં ગરમ કપડાંનું વિતરણ કરતુ નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૬

તાજેતરમાં નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઝૂંપડપટ્ટીમાં કાર્યરત ફ્રી એજ્યુકેશન ક્લાસના બાળકો અને તેમના પરિવારજનોને શાલ, ટોપી, સ્વેટર જેવા ગરમ કપડાંનું વિતરણ કરેલ. આવી કડકડતી ઠંડીમાં સરસ મજાના ગરમ કપડાં મેળવી બાળકોના ચહેરા પર સ્મિત પ્રસરી ગયેલ. નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમયાંતરે આવા સતકર્મો કરવામાં અગ્રેસર છે. સંસ્થાની વધુ માહિતી માટે અને આપનો અમૂલ્ય સહયોગ આપવા માટે સંસ્થા પ્રમુખ નરેન્દ્રભાઈ રાઠોડ ( મોં. ૯૨૨૭૭૧૪૪૫૯) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

## થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રક્તદાન કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૬

ઝાલાવાડના થેલેસેમિયા રોગ ગ્રસ્ત બાળકોના આરોગ્ય જતન માટે તેમજ સગર્ભા બહેનને વારંવાર જરૂર પડતા લોહી માટે તથા અકસ્માતમા લોહીના અભાવના કારણે થતા મરણ અટકાવવા ઝાલાવાડમા આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરતા સામાજીક કાર્યકર સુબોધ જોષી, ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પાટડી તાલુકા પ્રમુખ નાગજીભાઈ ઠાકોર અને પાટડી શહેર પ્રમુખ સૂર્યકાન્તભાઈ વરસાણી, ઉપ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર અને ડો. ગોપાલ ઠાકોર. મેડિકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખારાઘોડા, તથા ઠાકોર ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા ''સ્વૈચ્છીક મહા રક્તદાન શિબિર''નું આયોજન કરવામાં આવેલ હતું.

## ઉતરાયણમાં દોરીથી ઘાયલ પશુ-પક્ષીઓને બચાવવા હાકલ



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૬

મહીસાગર જિલ્લાના પકૃતી પ્રેમી તથા જીવદયા પ્રેમી યુવાનોનું શહેર છે. દર વર્ષે આ યુવાનો દ્વારા અસંખ્ય પશુ પક્ષીઓને આકસ્મિત સમયે રેસ્ક્યુ કરી બચાવવામાં આવે છે. ઉતરાયણના તહેવાર માં પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓ માટે આ યુવાનો દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત વન વિભાગ સાથે મળીને રેસ્ક્યુ કરવામાં આવે છે. મહીસાગર જિલ્લા ના લુણાવાડા ખાતેથી વન વિભાગ દ્વારા ઉતરાયણ માં ખાસ હાથ ધરવામાં આવતા કરુણા અભિયાનમાં શહેર ના અનેક જીવદયા પ્રેમી યુવાનો જોડાઈ રહ્યા છે. મહીસાગર જિલ્લા ની પર્યાવરણ પ્રેમી યુવાનોની સંસ્થા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ફોઉન્ડેશન દ્વારા આ અભિયાન માં સ્વયં સેવકો ને જોડવામાં આવી રહ્યા છે. ઉતરાયણ પર્વ દરમિયાન પતંગ દોરીથી ઘાયલ થતા પશુ પક્ષીઓને બચાવવામાં ઉમદા સેવા કાર્ય માં જોડાવા માંગતા હોઈ તેવા યુવા સ્વયં સેવકો મહીસાગર વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ મયુરકુમાર પ્રજાપતિ મોં.નં. ૮૭૫૮૩૪૧૯૯૩/ ૯૬૩૮૩૯૦૩૬૦ પર સંપર્ક કરી સાથી ફોર્મ ભરી શકાશે તેવું મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફોઉન્ડેશનના પ્રેસિડેન્ટ મયુરભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.

## રોપડા પ્રાથમિક શાળાનાં ૨૩૦ વિદ્યાર્થીઓની વિશ, બેંક ઓફ અમેરિકાએ કરી પૂરી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૬

નાનાં બાળકોને જો કોઈ વસ્તુ ગમતી હોય અને તે વસ્તુ મળી જાય તો. તો તે બાળક રાજીનું રેડ થઈ જાય. બસ આવુ જ કંઈક બન્યું છે અમદાવાદના છેવાડે આવેલા વટવા વિસ્તારની રોપડા સ્કૂલમાં. જિલ્લા પંચાયત હસ્તકની રોપડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૩૦ બાળકોની વિશ બેંક ઓફ અમેરિકાએ પુરી કરી. અને તેનું માધ્યમ બની અમદાવાદમાં ૧૦ વર્ષથી કાર્યરત એક સંસ્થા. આ સંસ્થા દ્વારા અલગ અલગ શાળા ના ૫૫૦ જેટલા બાળકોની વિશ પૂરી કરવામાં આવશે, આ સંસ્થા ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત છે, જે પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારમાં ભણતા બાળકો વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય, બાળકો પ્રશ્ન પૂછતાં થાય અને તેમનામાં જિજ્ઞાસા વૃત્તિ અને વિચાર શક્તિ વધે તે માટે હરતી ફરતી પ્રયોગ શાળા થકી પ્રયત્ન કરે છે. રોપડા પ્રાથમિક શાળાના બાળકોએ ઘરે રહીને ઓનલાઇન સમર કેમ્પ, ઓનલાઇન શિક્ષક દિવસ, વર્ચ્યુઅલ વિજ્ઞાન પ્રદર્શન, ઓનલાઇન સંગીત સ્પર્ધા, પ્રશ્ન મંચમાં ભાગ લઈ અદભુત કાર્ય કરતા તેઓની જર પૂરી કરવાનો સંકલ્પ આ સંસ્થાએ કર્યો હતો.

# સુરતમાં સિવિલ અને કોવિડ હોસ્પિટલના ૩-૪ વર્ગના કર્મચારીઓ પગાર મુદ્દે હડતાલ

(જી.એન.એસ.) સુરત,તા.૬

છેલ્લા બે મહિનાથી પગાર નહીં મળતાં સુરત સિવિલ અને કોવિડ હોસ્પિટલના ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓએ મંગળવારે ધમાલ મચાવી હતી, જેથી પોલીસ બોલાવવી પડી હતી. વહેલી તકે નિવેડો લાવવાની બાંયધરી અપાવા છતાં કર્મીઓ આજે હડતાળ પર ઊતરી ગયા છે અને સુપરિન્ટેન્ડન્ટની ઓફિસ બહારનો રસ્તો બ્લોક કર્યો છે. સિવિલમાં કોન્ટ્રેક્ટ પર કામ કરતા ત્રીજા અને ચોથા વર્ગના કર્મીઓને સ્પેરો અકાઉન્ટ દ્વારા પગાર ચૂકવવામાં બે માસથી વિલંબ થઇ રહ્યો છે. કેટલાકને તો ૩ મહિનાથી પગાર મળ્યો નથી. અગાઉ આ મુદ્દે કર્મીઓએ બે વખત હડતાળ કરી હતી, ત્યારે તેમને ૫મી તારીખે પગાર મળી જવાનું કહેવાયું હતું. મંગળવારે પણ પગાર ન થતાં કર્મચારીઓએ કોવિડ હોસ્પિટલ બહાર વિરોધ કરી સુપરિન્ટેન્ડન્ટ ઓફિસે ધસી ગયા હતા, એકથી દોઢ કલાક સુધી ધમાલ થતાં પોલીસ બોલાવવાની પણ ફરજ પડી હતી. સુપરિન્ટેન્ડન્ટે કોન્ટ્રેક્ટરની હાજરીમાં પગાર ચૂકવવાની હૈયાધરપત આપી હતી. જોકે આજે ફરી કર્મચારીઓ સુપરિન્ટેન્ડન્ટની ઓફિસ બહાર ધરણાં પર બેસી ગયા છે. જ્યાં સુધી પગાર નહીં ત્યાં સુધી કામ નહીંના નારા લગાવવામાં આવી રહ્યા છે. ૭૦૦થી ૮૦૦ કર્મચારી પગારથી વંચિત હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા છે. ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ હડતાળ પર ઊતરી જતાં સિવિલ અને કોવિડ હોસ્પિટલની કામગીરીને અસર પહોંચી છે. ૨૫ વોર્ડ, ૪ ઓ.ટી., ૨૫ ઓપીડી, ટ્રોમાં સેન્ટર, રેડિયોલોજી સહિતના વિભાગોમાં કોન્ટ્રેક્ટ અને સફાઈકર્મી કામથી દૂર રહ્યા છે. જ્યારે પરિવારજનોએ સ્ટ્રેચર ખેંચીને દર્દીને લઈ જવા પડતાં હૃદયસ્પર્શી દૃશ્યો કેમેરામાં કેદ થયાં છે. હાલ ૬૦ કાયમી કર્મચારીને કામે લગાડવામાં આવ્યા છે. અનિતા સિકંદર પતિના મૃત્યુ બાદ બાળકોના પાલન પોષણ માટે જીવનના જોખમે કોવિડ-૧૯માં કામ કરે છે. કોવિડ-૧૯ હોસ્પિટલમાં સફાઈ કર્મચારી છે. હડતાળમાં અચાનક બેભાન થઈ ગઈ હતી. જેથી તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. મંગળવારની સવારથી ભોજન લીધા વગર હડતાળ પર હતા. કોવિડ-૧૯માં ૮ મહિનાથી કામ કરે છે અને ૪ મહિનાનો પગાર બાકી છે.

# મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરનાર વડોદરાના હિન્દુ યુવકને મળી ધમકી

(જી.એન.એસ.)ભરૂચ,તા.૬

ભરૂચના ટંકારીયાની મુસ્લિમ યુવતી સાથે પ્રેમ લગ્ન કરનાર શહેરના તરસાલી વિસ્તારના એન્જિનિયર યુવકને તેના પરિવારના સભ્યોને મારી નાંખવાની ટેલિફોન ઉપર ધમકીઓ આપીને લગ્ન નોંધણી માટે સરકારી ઓફીસમાં આપેલી અરજી યુવક પાસે રદ કરાવી દીધી છે. મુસ્લિમ યુવતીના પિતા તથા સાગરીત તરફથી અપાયેલી ધમકીના પગલે ફફડી ઉઠેલાં હિન્દુ યુવકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી છે. શહેરના તરસાલી હાઈવે પર દ્વારકેશ હાઈવ્યૂમાં રહેતા ધ્રવેશ પંચાલ સાંકરદાની ખાનગી કંપનીમાં ડિઝાઈનર એન્જિનિયર તરીકે નોકરી કરે છે. ગત ૨૦૧૬માં ધ્રવેશની દાદી સરલાબેનના આંખોના મોતીયાનું ઓપરેશન કરવાનું હતું જેથી તેમને કરજણ ખાતે વલણ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ધ્રુવેશ દાદીની સેવા કરવા હોસ્પિટલમાં રોકાયો હતો. હોસ્પિટલમાં નોકરી કરતી ભરૂચ ટંકારીયાની નર્સ આસ્મા સાથે આંખો મળી હતી અને પ્રેમ પાંગર્યો હતો. ગત ઓક્ટોબર માસમાં તે લગ્ન કરવા માટે સ્પેશિયલ વડોદરા આવી હતી અને બન્ને જણાંએ રજિસ્ટર મેરેજ કર્યા હતા. જેની નોંધણી કરવા માટે કુબેર ભવન ખાતેની સરકારી કચેરીમાં લગ્ન નોંધણી અંગેની અરજી કરી હતી. ભરૂચ ટંકારીયા ખાતે રહેતાં આસ્માના પિતાને જાણ થતાં તેમણે ધ્રુવેશના મોબાઈલ ઉપર અનેક વખત ફોન કર્યા હતા અને ૨૪ કલાકમાં લગ્ન નોંધણી અંગેની અરજીનો પ્રોસીજર રદ નહીં કરે તો તને અને મારા પરીવારના સભ્યોને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. ફોન ઉપર મળેલી ધમકીઓથી ભયભીત થયેલા ધ્રુવેશ પંચાલે તા.૧૬મી ઓક્ટોબરે સરકારી કચેરીમાં જઈને પ્રોસીજર રદ કર્યો હતો. આ સમયગાળા દરમિયાન દુબઈમાં આસ્મા સાથે ફોન ઉપર વાત થતાં તે ભરૂચ ખાતે દોડી આવી હતી. તેના ઘરમાંથી બહાર નીકળવા ઉપર પણ નિયંત્રણો લાદ્યા હતા. હવે આસ્મા સાથે સંબંધ રાખ્યા છે તો તને અને આસ્માને પણ જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપતાં ધ્રવેશે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી હતી. પોલીસે આરોપી તરીકે ઈકબાલ કોઢીયા (રહે, ટંકારીયા ભરૂચ) અને આબીદ પટેલ (રહે, વલણ, કરજણ) સામે આઈ.પી.સી ૫૦૭ અને ૧૧૪ હેઠળ એફ.આઈ.આર નોંધીને ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# આગામી ચૂંટણીમાં કોંગ્રેસના ૨૦૦ નેતાઓ રાજ્યભરમાં ૬૦૦૦ જેટલા સંમેલનો કરશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૬

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીકમાં આવી રહી છે ત્યારે રાજ્યના મુખ્ય બે પક્ષ કોંગ્રેસ અને ભાજપ ચૂંટણીમાં જીત હાંસલ કરવા માટે અત્યારથી જ કાર્યરત થયા છે ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ કોંગ્રેસ પાર્ટીએ પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દીધી છે. તાલુકા પંચાયત, નગરપાલિકા અને જિલ્લા પંચાયતની પણ ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ મતદારોને આકર્ષવા માટે અલગ અલગ રણનીતિ બનાવી રહ્યા છે. ત્યારે આ વખતની ચૂંટણીમાં ભાજપ કયા મુદ્દાઓ સાથે અને કોંગ્રેસ કેવા મુદ્દા સાથે ચૂંટણીમાં ઝંપ લાવશે તે તો આવનાર સમય જ બતાવશે પરંતુ કોંગ્રેસ પાર્ટીએ રાજ્યમાં પ્રચાર માટે ૨૦૦ કોંગી નેતાઓને જવાબદારી સોંપી દીધી છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના ૨૦૦ નેતાઓ ગુજરાતમાં આવશે અને ૬ હજાર જેટલા સંમેલનો કરશે. ૮થી ૨૬ જાન્યુઆરી સુધી કોંગ્રેસના ૬ હજાર સંમેલન રાજ્યમાં યોજાશે. કોંગ્રેસ દ્વારા તાલુકા પંચાયતની બેઠક દીઠ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં જ પાલિકા-મહાનગરપાલિકામાં વોર્ડ દીઠ બેઠક કરશે. રાજ્યમાં કોંગ્રેસ દ્વારા ભાજપ ઉપર ભ્રષ્ટાચારના આરોપ મૂકાયા છે. જ્યારે ભાજપ દ્વારા વિકાસ કરાયો હોવાના દાવા કરાયા છે. પરંતુ કોંગ્રેસ દ્વારા ભાજપના દાવાઓ પોકળ હોવાના પણ આક્ષેપો કરાયા છે. ત્યારે હવે ફેબ્રુઆરીમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી ૨૦૦ નેતાઓ સાથે સભા ગજવશે.

# ખેડૂત આંદોલનના સમર્થનમાં રાજકોટમાં આજે ત્રિરંગા યાત્રા




### અખિલ ભારતીય પરિવાર પાર્ટી દ્વારા જિલ્લા પંચાયતથી પોલીસ હેડ ક્વાટર્સ સુધી આયોજન

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૬

દશભરમાં ખેતિ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ કાયદાઓ રદ કરવાની માંગ સાથે દેશનાં ૪૦૦ થી વધુ ખેડૂત સંગઠનના આગેવાનો કાર્યકરો દ્વારા છેલ્લા ૪૦ દિવસથી દિલ્હી નજીક અહિંસક આંદોલન ચલાવાય રહ્યું છે, આંદોલનના સમર્થનમાં દેશભરમાંથી ખેડૂતો દિલ્હી પહોંચ્યા છે. તેમજ કેટલાક સંગઠનો સ્થાનિક કક્ષાએ વિરોધ પ્રદર્શન યોજી રહેલ છે. રાજકોટમાં કાલે તા.૭ના સવારે અખિલ ભારતીય પરિવાર પાર્ટીનાં ઉપક્રમે પ્રવિણ પટેલની આગેવાની હેઠળ આગેવાનો તેમજ કાર્યકરો દ્વારા ત્રિરંગા યાત્રાનું જિલ્લા પંચાયત ચોકથી પોલીસ હેડ ક્વાટર્સ સુધી આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ખેડૂત આગેવાનો, પક્ષનાં કાર્યકરોને ઉપસ્થિત રહેલા અનુરોધ કરાયો છે.

# વેરાવળમાં દેના બેંકમાં કોરોનાની ગાઈડલાઈનના ઉડ્યા લીરેલીરા



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૬

વેરાવળની દેના બેંકમાં કોવિડ-૧૯ માટે સરકારે બહાર પાડેલ જાહેરનામાનો ખુલ્લેઆમ ઉલ્લંઘન થતો જોવા મળ્યો હતો. અહીં દર્શાવેલ તસવીરમાં જોઈ શકાય છે એ રીતે શહેરની દેના બેંકમાં લોકો અને ખુદ બેંકના કર્મચારીઓ પણ માસ્ક વગર નજરે ચડે છે તેમજ બેંકની અંદર સિક્યોરિટી પણ ના હોઈ અને સેનેટાઇઝરની સુવિધાનો પણ અભાવ જોવા મળેલ હતો.

# ઊનાના સીલોજ ગામે ગેરકાયદેસર પથ્થરની ખાણ ઝડપાઈ

### ૪ ચકરડી સહીત કુલ રૂ.૪ લાખનો મુદામાલ ઝડપી પાડ્યો



ચક્રવાત ટીમ ઉના, તા.૦૬

ઊનાના સીલોજ ગામની સીમ વિસ્તારમાં ગેરકાયદેસર પથ્થરની ચાલતી હોય જેની બાતમી આધારે ગીરસોમનાથ જીલ્લા ખાણ ખનીજ વિભાગે રેઈડ કરતા સ્થળ પરથી ગે.કા. ખનીજ ચોરીમાં ઉપયોગમાં લીધેલ ચકરડી સહીતનો ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. સીલોજ ગામે આવેલ સરકારી જમીન સર્વે નં.૮૩/૨માં દિપકભાઈ મકવાણા નામના શખ્સે ગે.કા. પથ્થરની ખાણમાં ખનીજ ચોરી કરતો હોવાની રજુઆત ખાણ ખનીજ વિભાગને કરતા ખનીજ વિભાગના અધિકારી ધનશ્યામ વાધાણી સહીતની ટીમ તેમજ ના.મામલતદાર, સર્કલ ઓફીસર તેમજ ગ્રામ પંચાયતના તલાટીમંત્રીને સાથે રાખી સ્થળ પર રેઈડ કરી હતી. જ્યાં સ્થળ પરથી ગે.કા. પથ્થર કાપવાની ૪ ચકરડી સહીત કુલ કિ. રૂ. ૪ લાખનો મુદામાલ પકડી પાડેલ હતો. અને આ અંગે પંચરોજ કામગીરી કરી કેટલી ખનીજ પથ્થરો કાઢવામાં આવેલ તે ખાડાની માપણી કરવામાં આવેલ અને ગેરકાયદેસર ખનીજ ચોરી કરનાર શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ કરવામાં આવેલ છે.

# જૂનાગઢમાં અપહરણ કરી ૧૦ લાખની ખંડણી માગતા બે શખ્સોની ધરપકડ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૬

જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ શહેરમાંથી અપહરણ થયેલ ભવનાથ વિસ્તારના નિમેષ હરેશભાઇ સિંધીની તપાસ બનાવની ગંભીરતા આધારે તેમજ આ પ્રકારના બનાવમાં સંડોવાયેલ તમામ આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ ટીમને સુચનાઓ કરવામાં આવેલ હતી. જૂનાગઢ શહેરના ભવનાથ વિસ્તારમાં આવેલ રાધાનગર સોસાયટીમાં રહેતા અને શહેરના માંગનાથ રોડ ઉપર લેડીઝ ગારમેન્ટનો વ્યવસાય કરતા સિંધી વેપારીના ઘરે વહેલી સવારે ચાર વાગ્યે ક્રાઈમ બ્રાન્ચના માણસો હોવાની ઓળખ આપી, પૂછપરછ માટે ૧૦ મિનિટ લઈ જવાનું જણાવી, વેપારી રોશન હરેશ ખાનવાણી સિંધીના ભાઈ નિમેષ હરેશ ખાનવાણી સિંધી ઉવ. ૨૧ નું અપહરણ કરી, લઈ જઈ, રૂ. ૧૦,૦૦,૦૦૦/- ની ખંડણી માંગવાના ગુન્હામાં ધરપકડ કરવામાં આવેલ હતી. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા જૂનાગઢ ખાતેથી અપહરણ થયેલ યુવાન નિમેષ સિંધીને તો તાત્કાલિક છોડાવેલ હતો, પરંતુ, આ ગુન્હામાં સંડોવાયેલ બે આરોપીઓને પણ ગણતરીના દિવસોમાં પકડી પાડવામાં આવેલ હતા. સિંધી વેપારીને અપહારણકારોની ચુંગાલમાંથી છોડાવેલ હતો. પણ આરોપીઓ નાસી ગયા હતા.

# ભરણપોષણના કેસમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

ચક્રવાત ટીમ, તા.૦૬

પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર અહેમદ ખુર્શીદ, ઝોન-૧ના નાયબ પોલીસ કમિશ્નર પ્રવીણકુમાર તથા ઉત્તર વિભાગના મદદનીશ પોલીસ કમિશ્નર એસ.આર. ટંડેલની સૂચનાથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ઝુંબેશ હાથ કરવામાં આવી હતી.

જે અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર સી. જી. જોષીના માર્ગદર્શન મુજબ પો. સબ. ઈન્સ. જે. એમ . ભટ્ટ સાથે પો. સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો. સબ. ઈન્સ. જે. એમ. ભટ્ટની બાતમી હકીકતના આધારે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપી હિરેનભાઈ ચીમનલાલ ચાવડા (ઉ.વ.૪૦) રહે. રાજકોટને પકડી કોર્ટમાં હાજર કરવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ગીર સોમનાથમાં રાજસ્થાની આધેડનું પરીવાર સાથે મિલન



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૬

સોમનાથમાં એક વર્ષથી રખડતા ભટકતા રાજસ્થાનના અજમેર જિલ્લામાં ડ્રાઈવિંગ કરતા માનસિક બિમારીથી પીડાતા આધેડનું પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું છે. પ્રભાસ પાટણ પોલીસે આધેડની હિસ્ટ્રી જાણી હતી. જે માહિતી સ્થાનીક એક રાજસ્થાની શખ્સ થકી રાજસ્થાનના લોકલ સોશિયલ મિડીયા ગ્રુપમાં મુકતા આધેડના પરીવારજનોનો સંપર્ક થયો હતો. જેના આધારે પરીવારજનોને અહીં બોલાવી ખરાઇ કરી પોલીસે આધેડનું તેના પરીવાર સાથે મિલન કરાવતા પોલીસ સ્ટેશનમાં લાગણી સભર દ્રશ્યો જોવા મળ્યા હતા. રાજસ્થાનમાં ગુમ થયેલા આધેડનું સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં પરીવાર સાથે મિલન થયાની રસપ્રદ ઘટના અંગે માહિતી આપતા પીઆઇ બી.જી.રાઠવાએ જણાવ્યું કે, ગત તા.૩૧ ડિસેમ્બરની રાત્રે ટાઉન વિસ્તારમાં સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે સમયે પ્રભાસ પાટણની શિવ ચોકી પાસે એક આધેડ છેલ્લા એક વર્ષથી રખડતો ભટકતો હોવાનું દુકાનદારોએ જણાવ્યું હતુ. જેથી તે આધેડ સાથે વાતચીત કરતા તે રાજસ્થાની ભાષા બોલતો હોવાથી કંઇ સમજાતુ ન હતુ. જેના કારણે અહીં રેલ્વે સ્ટેશનમાં ફરજ બજાવતા રાજસ્થાની હરકેષભાઇ મીણાને બોલાવી વાતચીત કરાવી આધેડની માહિતી મેળવી હતી. જેમાં આધેડ સત્યનારાયણ ઉર્ફે સતુ શ્રીરામજી ગુર્જર (ઉ.વ.૫૦) રહે.બ્યાવર બેંક કોલોની સામે જી.અજમેર (રાજસ્થાન)વાળો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસ અધિક્ષક કચેરીમાં કોમ્પ્યુટર શાખામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ મહેન્દ્ર બાબુભાઇએ આધેડની માહિતી અને ફોટોની પોસ્ટ સોશિયલ મિડીયામાં મુકવા સાથે તેમના એક રાજસ્થાની મિત્ર થકી રાજસ્થાનના લોકલ ગ્રુપમાં પણ પોસ્ટ મુકાવી હતી. જે પોસ્ટ થકી આધેડના પરીવારજનોનો સંપર્ક થતા તેમને અહીં બોલાવવામાં આવ્યા હતા. આધેડને લેવા અજમેરથી તેનો સગો ભાઇ રામજી ગુર્જર અહીં પોલીસ સ્ટેશને આવી તેના મોટાભાઇ સત્યનારાયણ ઉર્ફે સતુને ઓળખી બતાવ્યા હતા. ત્યારબાદ રામજીભાઇએ તેના મોટાભાઇ ગુમ થયા અંગે ગત તા.૨૬-૦૨-૧૯ ના રોજ અજમેર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની દાખલ કરાવેલ અરજીની કોપી તથા અન્ય આધાર પુરાવા રજુ કર્યા. જેની ખરાઇ કરતા તે સાચા હોવાનું જણાયું હતુ. જેથી પોલીસ સ્ટેશનમાં મિલાપ કરાવતા બંન્ને ભાઇઓ હરખના આંસુ સાથે ભેટી પડતા લાગણી સભર દ્દશ્યો સર્જાયા હતા. પીઆઇ રાઠવાએ વધુમાં જણાવ્યું કે, સત્યનારાયણ ઉર્ફે સતુ ગુર્જર અગાઉ ડ્રાઇવીંગ કરતો તે સમયે એક અકસ્માતમાં તેને માથામાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેથી અમુક સમયે તે ગાંડા કાઢવા જેવી માનસીક બિમારીથી પીડીત હતો. જેના કારણે તે કંઇ રીતે કયારે અજમેરથી ઘરેથી નિકળી સોમનાથ પહોંચી ગયેલ તેની કંશી ખબર ન હતી. અહીં સોમનાથમાં પણ છેલ્લા એક વર્ષથી શિવ પોલીસ ચોકી આસપાસ જ આંટાફેરા કરી ત્યાં જ આસપાસની કેબિનો પાસે રહેતો હતો.

# ઉદ્યોગપતિ રતન ટાટાની કાર નંબરનો ગેરકાયદેસર ઉપયોગ : મહિલા સામે ગુનો



ચક્રવાત ટીમ, મુંબઈ ૬

રતન ટાટાની કાર નંબરનો ગેરકાયદેસર ઉપયોગ કરવા બદલ એક ખાનગી કંપનીમા કામ કરતી મહિલા સામે કેસ નોંધવામાં આવ્યો છે. આંકડાશાસ્ત્રનો લાભ લેવા રતન ટાટાની કાર નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. મુંબઈ પરિવહન વિભાગે આ મોટી કાર્યવાહી કરી છે. મહિલાએ તેની કારની નંબર પ્લેટ સાથે ચેડા કર્યા હતા અને ઉદ્યોગપતિ રતન ટાટાની કાર નંબરનો ઉપયોગ કર્યો હતો. આ મામલે મહિલા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

એક અધિકારીના જણાવ્યા અનુસાર, રતન ટાટાના નામે રજીસ્ટ્રેશન થયેલ વાહન દ્વારા નિયમોના ભંગ કરવા બદલ વસૂલવામાં આવતા ઈ-ચલન મોકલવામા આવ્યુ હતુ. મહિલા પોતાની પસંદની નંબર પ્લેટ તેમજ અંકગણિતનો લાભ લેવા માટે અસલી નંબર સાથે ચેડા કર્યા હતા,. પણ સ્ત્રીને ખબર ન હતી કે તેને જે નંબર બદલ્યો તે રતન ટાટાની કારનો હતો. બનાવટી નંબર પ્લેટ વાહન અંગે પોલીસને માહિતી મળી હતી. સીસીટીવી ફૂટેજના આધારે વાહન કબજે કરાયું હતું. પોલીસને પાછળથી જાણવા મળ્યું કે વાહનની માલિક એક મહિલા હતી જે એક ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસ મુજબ મહિલાએ પોતાની કારના અસલ નંબર સાથે છેડછાડ કરી હતી કારણ કે કાર માટે તેનો પસંદગીનો નંબર જોઈતો હતો.. પોલીસે મહિલા વિરુદ્ધ મોટર વાહન અધિનિયમની કલમ ૪૨૦ અને ૪૬૫ હેઠળ કેસ નોંધ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. વધુ તપાસ હાથ ધરી છે.

# વિદ્યાર્થિનીને નાપાસ કરવાની ધમકી આપી બળાત્કાર : નરાધમ શિક્ષકની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૬

રાયગડ જિલ્લાના માણગાંવ તાલુકામાં એક ઘટના બની છે જેણે શિક્ષણ વ્યવસાયને બદનામ કર્યો છે.. એક ચિંતાજનક ઘટના પ્રકાશમાં આવી છે જિલ્લા પરિષદના એક શિક્ષકે વિદ્યાર્થીનીને નાપાસ કરવાની ધમકી આપીને તેની પર અત્યાચાર ગુજાર્યો હતો. આ અંગે શિક્ષક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. મદન વાનખેડે માણગાંવ તાલુકાની જિલ્લા પરિષદની શાળામાં શિક્ષક તરીકે કાર્યરત છે. પીડિત તરુણી આ શાળામાં અભ્યાસ કરે છે અને તેની માતા પણ શિક્ષક તરીકે નોકરી કરે છે. મદન વાનખેડે ૨૦૧૬થી પીડિતા સગીર તરૂણી સાથે દુર્વ્યવહાર કરતો હતો. શિક્ષક પીડિતાને નાપાસ કરવાની ધમકી આપી શારીરિક રીતે દુર્વ્યવહાર કરી રહ્યો હતો, તેને જાનથી મારી નાખવાની અને તેની માતાને નોકરી પરથી કાઢી મુકવાની ધમકી આપતો હતો. આખરે, શિક્ષકના અત્યાચારથી ગભરાયા વિના, સગીરાએ તેની માતાને સમ્રગ ઘટનાની જાણ કરી હતી આ અંગે મદન વાનખેડે વિરૂધ્ધ માંણગાંવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના પગલે શિક્ષક વિરૂધ્ધ માણગાંવ પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસ નોંધાયા બાદ મંગાવણ પોલીસે શિક્ષક મદન વાનખેડેની ધરપકડ કરી છે. મદન વાનખેડે જિલ્લા પરિષદની શાળામાં શિક્ષક છે. તેની સામે પોસ્કો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટનાથી ગામમાં આક્રોશ ફેલાયો છે.

# નવ લાખ ફોલોઅર્સ ધરાવતા ટિકટોક સ્ટારની ધરપકડ


## સ્ત્રીમિત્રના ઘરે બુરખો પહેરી રોકડ, દાગીનાની ચોરી

ચક્રવાત ટીમ, મુંબઈ ૬

નવ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવનાર ટિકટોક સ્ટાર અભિમન્યુએ બુરખો પહેરી તેની સ્ત્રીમિત્રના ઘરે જઈ રોકડ અને દાગીનાની ચોરી કરી હતી.પરંતુ પુરૂષના બૂટ અને તેની ચાલવાની ઢબ પરથી પોલિસે સીસીટીવીના અધારે ધરપકડ કરી, ચોરાયેલો મુદ્દામાલ પરત મેળવ્યો હતો. આ પહેલા પણ અભિમન્યુ આવા જ ગુના હેઠળ જેલમા જઈ આવ્યો છે. આરોપી અભિમન્યુ ગુપ્તા (૨૮) અને પીડિતા ખુશ્બુ અગ્રવાલની દોસ્તી ઈન્સ્ટાગ્રામ પર થઈ હતી. જે પછીથી મિત્રતામા પરિણમી હતી. પોતાનો મુંબઈમા ફ્લેટ ન હોવાને કારણે થોડો સમય તેના ફ્લેટમા રહેવા દેવાની ખુશ્બુને વિનંતી કરી હતી, જે તેણીએ માન્ય રાખી હતી અને ૧૨ દિવસ સુધી બંન્ને ખુશ્બુના ઘરે સાથે રહ્યા હતા. ખુશ્બુએ તેની ફરિયાદમા જણાવ્યુ હતુ કે કામના સિલસિલામા તેણી ૧૮ થી ૨૨ ડિસેમ્બર વિદેશ ગઈ હતી. પરંતુ અભિમન્યુ તેના ઘરે રોકાયો હતો. વિદેશથી પાછા આવ્યા બાદ ૧લી જાન્યુઅરીએ ખુશ્બુના ધ્યાનમા આવ્યુ કે તેના ઘરમાત્થી કેશ અને દાગીના ગાયબ છે.આથી તેણીએ પોલિસમા ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ. જો કે અભિમન્યુએ તેને પોલિસમા ફરિયાદ કરવાની ના પાડી હતી અને કારણ આપ્યુ હતુ કે પોલિસ તેને હેરાન કરશે. પરંતુ ખુશ્બુએ ઓશિવારા પોલિસ મથકમા ફરિયાદ નોંધાવી હતી. પોલિસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા જેમા બુરખો પહેરી એક મહિલા ઈમારતમા પ્રવેશ કરતી નજરે પડી હતી,પરંતુ અ મહિલાએ પુરુષના લેધર શુઝ પહેર્યા હતા, તેમજ તેની ચાલ પણ પુરૂષ જેવી હતી, જે અભિમન્યુની ચાલ સાથે મેચ થતી હતી.આથી પોલિસે લાલ આંખ કરતા અભિમન્યુએ નાણાની જરૂર હોવાને કારણે ચોરી કર્યાનું કબૂલ કર્યુ હતુ. પોલિસે તેની બાઈકમા સીટ નીચે છૂપાડેલ દાગીના અને રોકડ કબ્જે કરી હતી. અભિમન્યુ એક રીઢો ગુનેગાર છે અને ૨૦૧૧થી અનેક વખત આવા જ કારનામા બદલ ગિરફતાર થઈ ચુક્યો છે.૨૦૧૮મા જુહુ પોલિસે એક વૃધ્ધ દંપતીના ઘરે સોનાના દાગીનાની લૂંટના કેસમા તેની ધરપકડ કરી હતી. મુંબઈ ઉપરાંત નવી મુંબઈ પોલિસના ચોપડે પણ તેના નામે અનેક ગુના નોંધાયા છે.

# મુબઈના મેયર કિશોરી પેડણેકરને જાનથી મારી નાખવાની ધમકી : અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો

## ગુજરાતના જામનગરમાંથી ૨૦ વર્ષીય મનોજ ડેઢીયાની ધરપકડ



ચક્રવાત ટીમ, મુંબઈ ૬

મુંબઈના મેયર કિશોરી પેડણેકરને જાનથી મારી નાખવાની ધમકી આપતો મામલો પ્રકાશમાં આવ્યો છે. કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન પર તેમને મારી નાખવાની ધમકી આપી છે. આટલું જ નહીં, કિશોરી પેડણેકરને આ અજાણ્યા વ્યક્તિએ તેને ધમકાવવા ઉપરાંત અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો. ૨૨ મી ડિસેમ્બરે બીએમસી .ઓફિસના ફોન પર આ ધમકી આપવામાં આવી હતી. ફોન કરનાર વ્યક્તિ હિન્દીમા બોલતો હતો.આઝાદ મેદાન પોલિસ મથકમા ફરિયાદ નોમ્ધવામા આવી છે અને પોલિસની એક ટીમ નજીકના રાજ્યમા શંકાસ્પદ વ્યક્તિની અટક કરવા રવાના થઈ હોવાનુમ સૂત્રો દ્વારા જાણવા મળે ચે.આ પહેલા પણ તેમને ધમકીઓ મળીએ ચૂકી ચે જે હજી તપાસનો વિષય છે.૨૦૨૨મા મુંબઈ મહાપાલિકાની ચૂંટણી યોજાવાની છે જેમા એક વખતના મિત્ર પક્ષ એવા ભાજપ સામે શિવસેના લડશે. મેયરે ૩૧ ડિસેમ્બરે મુંબઈના આઝાદ મેદાન પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરતા ગુનો નોંધવામા આવ્યો છે.. આ એફઆઈઆરમાં મોતની ધમકીનો ઉલ્લેખ છે. હાલ પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી કિશોરી પેડણેકર સતત ભારતીય જનતા પાર્ટીને નિશાન બનાવી રહ્યા છે. તેમણે ઈડી તપાસ દરમિયાન ભાજપના નેતાઓ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઈડી તેમના દેશની એક મહત્વપૂર્ણ તપાસ એજન્સી છે. જે સાચું છે તે પ્રામાણિકપણે લોકો સમક્ષ આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા વિપક્ષના અવાજને દબાવવાની કોશિશ કરવામાં આવી રહી છે પરંતુ તે બધાની સામે આવશે.શિવસેના હંમેસા સત્યને માર્ગે ચાલી છે અને કોઈથી પણ ડરતી નથી.અહિય જણાવવુ રહ્યુ કે મેયરને કોરોના થયો હતો તેમ છતા તેમણે ઘરેથી કામ કરવાનું ચાલુ રાખ્યુ હતુ. ડિસેમ્બર ૩૧ ની ઉજવણી પાર્ટી સાથે જોડાયેલા મુદ્દા પર મેયરે પોતાના ઘરે રોકાઈને નવા વર્ષ માટે પ્રાર્થના અને ઉજવણી કરવાનું કહ્યું હતું. મુંબઈકર કોરોના પ્રોટોકોલનું સંપૂર્ણ પાલન કરી રહ્યા છે. જેને રાજકારણ કરવું છે તેને તે કરવા દો. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ જરૂરી કાર્યવાહી કરી રહી છે.

# મુંબઈની લોકલમાં ફિલ્મ વિડિયો અને સિરિયલ જોવાની સુવિધા મળશે

## રેલ્વેની ૧૬૫ લોકલમા ડિવાઈશ ઇન્સ્ટોલ કરાશે : પ્રવાસીઓએ મોબાઇલ એપ ડાઉનલોડ કરવી પડશે



ચક્રવાત ટીમ, મુંબઈ, ૬

કોરોના અને લોકડાઉનને ઘણો સમય બંધ રહેલી મુંબઈની લોકલ દોડતી થઈ છે.પરંતુ સર્વ સામન્ય પ્રવાશીઓ માટે હજી પરવાનગી મળી નથી. ત્યારે મુંબઈગરા માટે આનંદના એ સમાચાર છે કે ટૂંક સમયમા લોકલમા પ્રવાસીઓ ફિલ્મ ,વિડિયો તેમજ સિરીયલ જોઇ શકશે. આ માટે રીલ્વે પ્રશાસન લોકલના કોચમા ડિવાઈસ ઈન્સ્ટોલેશન કરશે.પ્રવાશીઓના મનોરંજન માટે જરૂરી એવા સાધનો તેમજ સ્પોન્સરશીપની જાહેરાત મૂકવામા આવશે.

પ્રવાસીઓએ આ સુવિધા મેળવવા માટે એક મોબાઈલ એપ ડાઉનલોડ કરવી પડશે.આ મોબાઈલ એપની મદદ વડે તેઓ પસંદગીનું મનોરંજન મેળવી શકશે. યાત્રીઓ માટે ભાષાનો પણ એક વિકલ્પ હશે જેની મદદ વડે તેઓ પસંદગીની ભાષામા આ સુવિધા મેળવી શકશે. મહત્વની બાબત એ છે કે આ માટે તેમને ઈન્ટરનેટની જરૂરત નહિ પડે. રેલ્વેના એક સિનિયર અધિકારીએ જણાવ્યુ હતુ કે આ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

ચોમાસા પહેલા જ આ સુવિધા પ્રવાશીઓને ઉપલબધ્ધ કરાવવાની રેલ્વેની યોજના છે. શરૂઆતમા ૧૬૫ લોકલમા આ ડિવાઈસ લગાડવામા આવશે.

આ સુવિધાને કારણે રેલ્વેની આવકમા પણ વધારો થશે. આ પહેલા સેન્ટ્રલ રેલ્વેમા કુર્લા કારશેડમા આ ડિવાઈસ અને અન્ય ઉપકરણો લગાડી પરિક્ષણ કરવામા આવ્યુ હતુ.આ પહેલા લકઝરી ટ્રેનના કોચમા આ સુવિધા જોવા મળે છે. આ ટ્રેનોમા વિડિયો,પસંદગીના ગીતો, ફિલ્મ અને સિરિયલ જોવા મળે છે. આમ મુંબઈની ભીડભાડવાળી લોકલ ટ્રેનમા પ્રવાસીઓને આ સુવિધા મળશે, પરંતુ ટૂંકી મુસાફરીમા તેનો ઉપયોગ કેટલો વ્યવહારુ બનશે તે ચર્ચાનો વિષય છે.

# પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં ફરિયાદીએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ, ૬

ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી પોલીસ સ્ટેશનના પ્રાંગણમા આવેલ શેડ નીચે ફરિયાદીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાની ચોંકાવનારી ઘટના બની છે. આ ઘટનાને પગલે પોલીસમાં હંગામો થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, મૃતકની ઓળખ અશોક રાઉત (૫૫) તરીકે થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી તે પારિવારિક વિવાદથી પરેશાન હતો. મંગળવારે રાત્રે ઘરમાં ફરી તકરાર થઈ હતી. આથી અશોક રાઉતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી અને ઘરે પાછો ગયો હતો. રાઉતે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે તેવી અપેક્ષા રાખી હતી. પરંતુ અપેક્ષા મુજબ આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. નારાજ રાઉત મળસ્કે ફરી પોલીસ સ્ટેશન પહોંચ્યો. ત્યારબાદ તેણે પોલીસ સ્ટેશનના પ્રાંગણમા આવેલ શેડ હેઠળ લટકીને આત્મહત્યા કરી હતી. મૃતકની ઓળખ સિંધવાહીના દશેરા ચોકનો રહેવાસી અશોક રાઉત તરીકે થઈ હતી. તે છેલ્લા કેટલાક દિવસોથી પારિવારિક ઝગડાથી ત્રસ્ત હોવાનું જાણવા મળે છે. હાલ પોલીસ આ ઘટના અંગે કોઈ ટિપ્પણી કરવા તૈયાર નથી. પરંતુ, જ્યારે કોઈએ પોલીસ સ્ટેશનના પરિસરમાં આત્મહત્યા કરી ત્યારે કોઈનું ધ્યાન કેમ ન હતું? આવો પ્રશ્ન ઉપસ્થિતમાં ઉભો થયો છે.

# આકસા બીચ પર આત્મહત્યાનો પ્રયાસ : પોલિસની સર્તકતાએ યુવતીનો જીવ બચ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૬

મુંબઈ પોલીસની સતર્કતાને કારણે એક્સા બીચ પર આત્મહત્યા કરવાનો પ્રયાસ કરનારી એક યુવતીનો જીવ બચી ગયો હતો. ૨૩ વર્ષીય સમુદ્રમાં કૂદવાનો પ્રયાસ કરી રહી હતી. જો કે સહાયક પોલીસ નિરીક્ષક તેને કમ્મર સુધીના પાણીમાથી યુવતીને પકડીને બહાર લઈ આવ્યા હતા. પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડો. દિપક હિંદેને ગઈકાલે (૫ જાન્યુઆરી) આ અંગે માહિતી મળી હતી કે પ્રાચી શાહ નામની ૨૩ વર્ષીય યુવતી આકસા બીચ પર પોતાનો જીવ આપવા જઈ રહી છે. તેણે તુરંત માલવાણી પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર રજાને અને મહિલા સહાયક પોલીસ ઈન્સ્પેક્ટર કદમ તાત્કાલિક આકસા બીચ પર દોડી ગયા હતા. પોલીસ ફોટાની મદદથી તેની શોધ કરી રહી હતી. ત્યારે જ, તેઓને જોવા મળ્યુ હતું કે એક મહિલાના કમ્મર સુધી પાણીમા સમુદ્રમાં ડૂબી રહી હતી. એ.પી.આઈ. કદમે દરિયાના પાણીમાં જઈને તેને તાબામા લીધી હતી. પોલીસની સમયસૂચકતાને કારણે યુવતીનો જીવ બચ્યો હતો.


# ગુજરાતમા મોડેલિંગ કરનાર કિશોરનું જાતિય શોષણ : ત્રણ જણની અટક



ચક્રવાત ટીમ, મુબઈ, ૬

ગુજરાતમા મોડેલિંગ કરનાર ૧૯ વર્ષના કિશોરને થાણામા આવેલ એક બંધ કંપનીની ટેરેસ પર લઈ જઈને ચાર જણે સામુહિક અત્યાચાર ગુજાર્યાની ઘટના બહાર આવી છે. આ પ્રકરણે વાગળે ઈસ્ટેટ પોલિસ દ્વારા પુનિત શુકલા(૨૬), રવી જયસ્વાલ (૨૩) અને અરવિંદ પ્રજાપતી (૨૩) ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે ચોથા આરોપીની શોધ ચાલુ છે. પીડિત મોડેલ તરૂણના સગાસબંધીઓ થાણાના સાવરકરનગરમા રહે છે. તેમને મળવા માટે તે થાણા આવ્યો હતો. આ બાબતની જાણકારી તેના ફેસબુક મિત્ર પુનિતને મળી હતી. આરોપીએ ૩ જાન્યુઆરીના રાત્રે પિડિત તરુણને મળવા માટે સાઠે નગરમા આવેલ બંધ કંપનીમા બોલાવ્યો હતો. પિડિત ત્યાં આવતા તેની સાથે વાતો કરતા તેને તે કંપનીની ટેરેસ પર લઈ જવામા આવ્યો હતો. થોડાક સમય બાદ અન્ય આરોપીઓ ત્યા આવ્યા હતા. તેઓએ તરૂણને બાંબુથી માર માર્યા બાદ તેની સાથે અકુદરતી સામુહિક અત્યાચાર ગુજાર્યો હતો. પૂરી ઘટના મોબાઈલમા રેકોડ્ર્ગ કરી તેને માર મારવામા આવ્યો હતો. ત્યાર બાદ તેની પાસેનો મોબાઈલ ફોન અને છ હજાર રૂપિયાની રોકડ બળજબરીથી આરોપીઓ લઈ લીધા હતા.તેમજ ધમકી આપી હતીકે પોલિસ પાસે જો ફરિયાદ કરશે તો વિડિયો ફેસબુક પર વાયરલ કરવાની ધમકી આપી ચારેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા. પીડિત તરૂણે બીજે દિવસે વાગળે પોલિસ સ્ટેશનમા ફરિયાદ કરતા ચાર જણ વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો હતો. આરોપીઓની ધરપકડ કરી કોર્ટમા રજૂ કરતા ૧૧ જાન્યુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે. પોલિસે આરોપી પાસેથી મોબાઈલ જપ્ત કર્યો છે.

**હાયવે પર ત્રણ ટ્રક અથડાતા લાગી આગ.....**



મુંબઈ-અમદાવાદ હાયવે પર વિરારની હદમા સકવાર પાસે આવેલ પેટ્રોલ પંપ સામે આજે મળસ્કે ૩.૩૦ વાગ્યાની આસપાસ ગુજરાત લેન પર બે કંટેનર અને ટ્રક સાથે અથડાતા આગ લાગી હતી, ત્રણે વાહનો આગની લપેટમા આવતા ગુજરાત અને મુંબઈ બંન્ને તરફનો ટ્રાફિક જામ થયો હતો. ઘટનામા એક ટ્રક ડ્રાયવર ગંભીર ઘાયલ થયાનું જાણવા મળે છે.

# મુંબઈમાં ૫૦૦ ચોરસ ફૂટ સુધીના ઘરોના કર વસૂલવાનો આમ આદમી પાર્ટીનો વિરોધ

ચક્રવાત ટીમ, મુંબઈ ૬

મુંબઈમાં ૫૦૦ ચોરસ ફૂટ સુધીના ઘરોના કર વસુલીમાથી મુક્તી આપ્યા બાદ ફરીથી જૂના દર પ્રમાણે ગયા વર્ષના વેરા વસૂલાતનો આમ આદમી પાર્ટીએ જોરદાર વિરોધ કર્યો છે. મુંબઈના લાખો મધ્યમવર્ગીય પરિવારો સાથે છેતરપિંડી કરવામા આવી છે. પૂર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે આ સંદર્ભે વચન આપ્યું હતું અને શિવસેનાએ પણ તેના ચૂંટણી મેનીફેસ્ટોમા વચન આપ્યું હતું કે ૫૦૦ ચોરસ ફૂટ સુધીના મકાનોને મિલકત વેરાથી મુક્ત રાખવામાં આવશે. આ મકાનોમાં સામાન્ય માણસ રહે છે, જેઓને કોવિડ-૧૯ દરમિયાન સૌથી વધુ અસર થઈ છે. નોકરી તેમજ રોજગાર પર તેની ખરાબ અસર થઈ છે સૌથી વધુ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કોઈ પણ ક્ષેત્રમાં સામાન્ય માણસને રાહત આપવામાં કોઈ રસ દાખવ્યો નથી, પછી ભલે તે વધેલા વીજબીલોનો મુદ્દો હોય કે શાળાની ફીમાં રાહતનો મુદ્દો.. મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ ચહલ દ્વારા કહેવાતા બાકીદારોની વસૂલાતની જાહેરાત સામાન્ય લોકો સાથેની ક્રૂર મજાક છે. આમ આદમી પાર્ટીના નેતા અને રાષ્ટ્રીય પ્રવક્તા પ્રીતિ શર્મા મેનને કહ્યું હતું કે, ૨૦૧૯ માં નાના મકાનોને કરમુક્ત બનાવવાની જોરશોરથી જાહેરાત કરવામાં આવી હતી. મુંબઈ મહાનગરપાલિકા સહિતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે વારંવાર આ વાતની ઘોષણા કરી હતી. . હવે, મ્યુનિસિપલ કમિશનર કહી રહ્યા છે કે તે ભૂલ હતી, જો તે ભૂલ હતી, તો ભૂલ જેણે કરી છે તેને ચૂકવણી કરવી જોઈએ. કોર્પોરેટ સીએસઆર અને ખાનગી એનજીઓનાં વ્યાપક સમર્થન છતાં, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રશાસન રોગચાળા દરમિયાન તેની આર્થિક વ્યવસ્થાને સંભાળી શક્યા નથી. હવે તે ભુલોનો બોજ મધ્યમ વર્ગીય પર નાખવામા આવે છે.પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ કોર્પોરેટ અને હોટલ ઉદ્યોગ માટે મિલકત વેરો માફ કરવા માટે તૈયાર છે. ફક્ત કોર્પોરેટ સમર્થકો અને સામાન્ય લોકોની વિરુધ્ધમા છે. કોવિડ લોકડાઉન સંપૂર્ણપણે બિનઆયોજિત હતું અને બિન-પરંપરાગત ક્ષેત્રની આર્થિક પ્રણાલીને સંપૂર્ણ રીતે નાશ કરી હતી. રોગચાળાની સાથે સાથે, આર્થિક મંદી ચાલી રહી છે., અનેક ક્ષેત્રને પણ અસર થઈ છે.તેમજ.લોકોના. વેતન પર અસર થતા આર્થિક મોરચે સંઘર્ષ કરી રહ્યા છે, બેરોજગારી વધી છે અને લોકોએ નોકરી ગુમાવી છે. પરંતુ દુખની વાત એ છે જ્યારે મહાનગર પાલિકાના પ્રશાસન કહે છે કે ગયા વર્ષે કરવેરા માફી એક 'ભૂલ' હતી? મહાનગરપાલિકાનું કામકાજ કેમ ચાલશે ? આમ આદમી પાર્ટીની માંગ છે કે આ વર્ષે તેમજ ગયા વર્ષે પણ ૫૦૦ ચોરસ ફૂટથી નીચેના મકાનો પરનો કર સંપૂર્ણ માફ કરવામાં આવે. જો કાનૂની અડચણો આવતી હોય તો રાજ્ય સરકારે તેમાં સુધારો કરવો જોઈએ અને મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરેએ પોતાનું વચન પૂરું કરવું જોઈએ.

# ક્રૂડ પામતેલમાં ૪૩,૩૬૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારાની આગેકૂચ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૦૬

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૭૮૬૪ સોદામાં રૂ.૧૬૮૦૯.૩૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા તમામ બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)માં ૪૩,૩૬૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારાની આગેકૂચ રહી વાયદા વધુ વધી આવ્યા હતા. રબર અને મેન્થા તેલમાં નરમાઈ સામે કપાસ અને કોટનમાં સુધારો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૪૪૨૫૭ સોદાઓમાં રૂ.૯૧૮૨.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૫૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૮૭૫ અને નીચામાં રૂ.૫૧૪૯૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ વધીને રૂ.૫૧૭૩૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૪ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૧૪૨૨ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૧૫૯ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩ વધીને બંધમાં રૂ.૫૧૭૩૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૩૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૭૧૫૫૦ અને નીચામાં રૂ.૭૦૧૬૮ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૯૨ વધીને રૂ.૭૧૩૫૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૫૦ વધીને રૂ.૭૧૨૪૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૪૫૪ વધીને રૂ.૭૧૨૩૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૩૮૮૧ સોદાઓમાં રૂ.૨૭૪૩.૨૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૬૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૦૪ અને નીચામાં રૂ.૩૬૩૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫ વધીને રૂ.૩૬૭૯ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૮૧૫ સોદાઓમાં કુલ રૂ.૫૦૮.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૨૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૩૪૦ અને નીચામાં રૂ.૨૧૧૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૦ વધીને રૂ.૨૧૨૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૭.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૯.૯ વધીને બંધમાં રૂ.૧૦૦૫.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૦.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૩.૬ અને નીચામાં રૂ.૯૮૭ રહી, અંતે રૂ.૯૮૮.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૨૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૮.૫ અને નીચામાં રૂ.૧૨૧૬.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩.૫૦ વધીને રૂ.૧૨૨૨ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૪૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૪૯૮ અને નીચામાં રૂ.૧૫,૩૭૨ બોલાઈ, અંતે રૂ.૧૧૩ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૩૯૮ના સ્તરે બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૮૧૩ સોદાઓમાં કુલ રૂ.૪૧૫૪.૩૩ કરોડ ની કીમતનાં ૮૦૪૧.૦૪૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૨૧૪૪૪ સોદાઓમાં કુલ રૂ.૫૦૨૭.૭૧ કરોડ ની કીમતનાં ૭૦૯.૭૬૧ ટન, ક્રૂડ તેલમાં ૮૬૨૯ સોદાઓમાં રૂ.૫૦૦.૫૦ કરોડનાં ૧૩૬૪૨૦૦ બેરલ્સ, કોટનમાં ૮૨૮ સોદાઓમાં રૂ.૬૯.૦૫ કરોડનાં ૩૨૪૦૦ ગાંસડી.

# ભારત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેકટ અંતર્ગત મિશન 1GP 1BC ૬ દીવસનો વીસી સખી તાલીમનો સમાપન કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૬

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (RSETI) મહીસાગર તથા જિલ્લા ગ્રામ વિકાસ એજેન્સી મહીસાગરના સયુકત ઉપક્રમે ૬ દીવસનો બીસી સખી તાલીમ કાર્યક્રમ સંસ્થા ખાતે રાખવામાં આવ્યો હતો.

આ તાલીમમાં મહીસાગર જિલ્લાની સ્વસહાય જુથની કુલ ૧૫ બહેનોએ તાલીમ પ્રાપ્ત કરી હતી.તાલીમ બાદ આ સખી મંડળની બહેનો ગામમાં બેકીગ સુવિધા પ્રધાન કરશે. ગ્રામિણ વિકાસ મંત્રાલય ભારત સરકારના આ પ્રોજેકટ અંતર્ગત દરેક ગામમાં બેકીગ સુવિધા ઘર આંગણે પ્રાપ્ત થય શકે તે હેતુથી આ કાર્યક્રમ ચલાવવામાં આવી રહયો છે. આગામી સમયમાં દરેક ગામમાં એક બીસી સખી મુકવાનો લક્ષ્ય રાખવામાં આવેલ છે.

કાર્યક્રમના સમાપનમાં સંસ્થાના નિયામક હિમંતસિહ પરમાર નાંણાકીય સાક્ષરતા કેન્દ્રના કાઉન્સેલર આર.એન. પટેલ ફેકલટી ઠક્કર ચૌહાણ ઉપસ્થિતમાં પરિપૂર્ણ કરવામાં આવ્યો હતો.

# બોટાદ ક્ષત્રિય રાજપૂત સમાજ તથા કરણી સેના દ્વારા બોટાદ S.P.ને આવેદન પાઠવ્યુ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૬

બોટાદ ખાતે તારીખ ૨ /૧/૨૦૨૧ના રોજ બોટાદ જિલ્લાના ક્ષત્રિય રાજપૂત સમાજના પ્રમુખ એવા જુવાનસિંહ મકવાણા પર બોટાદ ખાતે નાગલપર દરવાજા પાસે હીચકારો હુમલો કરવામાં આવેલ હતો અને લોખંડના પાઈપ તેમજ અન્ય સાધનો વડે ગંભીર ઈજા પહોંચાડવામાં આવેલ હતી. આ જુવાનસિંહ મકવાણા ઉપર વારંવાર હુમલા કરવામાં આવતા હોય જેના અનુસંધાને તેમના ઘરે પોલીસ પ્રોટેક્શન પણ આપવામાં આવેલ છે તેમ છતાં બોટાદ ખાતે આરોપીઓ દ્વારા હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો આ બાબતે જુવાનસિંહ મકવાણાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

બોટાદ ખાતે રાજપૂત સમાજ દ્વારા તેમજ કરણી સેનાના યુવાનો દ્વારા આવી રીતે અવારનવાર હુમલા થતા હોય આરોપીઓને તાત્કાલિક પકડી તેની ઉપર કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે આજરોજ બોટાદ એસપી કચેરીએ આવેદન પત્ર આપવામાં આવેલ હતું.

# સુરેન્દ્રનગરમાં આમ આદમી પાર્ટીની ઉમેદવાર પસંદગી મિટિંગનું આયોજન




ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૬

તારીખ ૬ /૧/ ૨૦૨૧ ચૂંટણી સેન્સ યોજાયો તેમાં દિલ્હીથી ગુજરાતના સહ પ્રભારી રાજેશ શર્માજી, ઝોનલ પ્રભારી અનુપ શર્માજી, જિલ્લા પ્રભારી વિકાસ રાય, પૂર્વ પ્રભારી જયદેવસિંહ જાડેજા, જિલ્લા પ્રમુખ પરસોત્તમભાઈ મકવાણા, જિલ્લા મહામંત્રી પુના ભાઈ વકાતર, જિલ્લા ઉપ પ્રમુખ ડી ડી ઝાલા, સુરેન્દ્રનગર શહેર પ્રમુખ મહેશ ગોલતર જિલ્લા મંત્રી અક્ષય ધાડવી, જિલ્લા મંત્રી ભુપત સિંહ પરમાર, લીગલ સેલ પ્રમુખ પ્રવીણસિંહ પરમાર, જિલ્લા ઉપ પ્રમુખ દેવકણ જોગરાણા, વઢવાણ તાલુકા પ્રમુખ રાકેશભાઈ સોલંકી, મુળી તાલુકા પ્રમુખ યુવરાજસિંહ, ચુડા તાલુકા પ્રમુખ તથા સુરેન્દ્રનગર જિલ્લા ના દરેક તાલુકા, નગર પાલિકાના હોદેદારો સુરેન્દ્રનગર જીલ્લા શહેર કાર્યાલય પર તમામ હાજર રહી ચૂંટણીના મુદ્દા જાહેર કરેલ અને ફુલ જોસથી આમ આદમી પાર્ટી ઈલેક્શનમાં ઉતરશે તેમ નિર્ણય કરવામાં આવેલ.

# ધ્રાંગધ્રા બાયપાસ પાસે સર્વિસ રોડ અને બમ્પ મુકવા બાબતે આવેદનપત્ર અપાયું



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૦૬

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા પાસેથી પસાર થતો ફોરલેન હાઈવેને સર્વિસ રોડ અને અને બમ્પ મુકવા બાબતે મામલતદારને રાજુઆત કરવામાં આવી હતી. ધ્રાંગધ્રા ભવતધામ ગુરુકુળ પાસે ફોરલેન રોડની બાજુમાં સર્વિસ રોડ અને બમ્પના હોવાના કારણે અકસ્માતથી મોત થતા હોવાથી મામલતદાને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. મળતી વિગતો અનુસાર ધ્રાંગધ્રા ભગવતધામ ગુરુકુલ પાસેથી અમદાવાદ-માળીયા ફોરલેન હાઈવે પસાર થાય છે. અહીં ધ્રાંગધ્રા શહેરમાં કે રાજપર તરફ આવવા જવા માટે કોઈ જ સર્વિસ રોડ કે બમ્પ મુકવામાં આવ્યો નથી જેના કારણે વારંવાર અકસ્માતમાં મોત થાય છે. થોડા સમય પહેલા બે અકસ્માત સર્જાયા હતા જેમાં બે ના મોત નિપજયા હતા જેથી આ બાયપાસ પાસે સર્વિસ રોડ અને બમ્પ મુકવા આ બાબતે જોગેશ ગેલાણી અને બ્રિજેસ ભટ્ટ સહિતના આગેવાનોએ ધ્રાંગધ્રા મામલદાર ભગીરથસિંહ ઝાલાને આવેદનપત્ર પાઠવીયું હતું.

# હેકરોએ શંકર નગરી સહકારી બેંક ખાતામાંથી રૂ.૧૪.૫ કરોડ બીજા ખાતામાં ફેરવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૬

નાંદેડમા બેંક એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે અને ૧૪.૫ કરોડ રૂપિયાની ચોરી થઈ છે. હેકરોએ નાંદેડની શંકર નગરી સહકારી બેંકના ખાતામાંથી રૂ.૧૪.૫ (સાડા ચૌદ કરોડ) બીજા ખાતામાં ફેરવ્યા છે. શંકર નગરી બેંકે વજીરાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નાંદેડની શંકર નગરી સહકારી બેંકમાંથી રૂ. ૧૪ કરોડ ૪૬ લાખ ૫ હજાર ૩૪૭ ફેરવવામાં આવ્યા છે. આ ઘટના ૨ જાન્યુઆરીએ બેંક મેનેજમેન્ટના ધ્યાનમાં આવી હતી. નાંદેડમાં શંકર નગરી બેંકની આઈડીબીઆઈ બેંક નજીકમા આવેલ છે. બેંક મેનેજમેન્ટે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને આ મામલે તપાસની માંગ કરી છે. લાહોટી સંકુલમાં આઈડીબીઆઈ બેંક નજીક આવેલ શંકર નગરી સહકારી બેંકમાંથી હેકરોએ લૂંટ ચલાવી હતી. બેંકને એનઈએફટી અને આરટીજીએસ દ્વારા ચૂનો લગાડવામા આવેલ છે. ફરિયાદ મળ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટનાની સાયબર સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં, બેંક અધિકારીઓએ મીડિયાને માહિતી આપવાની ના પાડી દીધી છે.

# વિસાવદરમાં આઈ.સી.ડી.એસ દ્વારા નારી સંમેલન યોજાયુ



ચક્રવાત ટીમ વિસાવદર, તા.૦૬

વિસાવદરમાં આઈ.સી.ડી.એસ વિભાગ તેમજ ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને આઈ. સી.ડી.એસ શાખા જિલ્લા પંચાયત જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ગુજરાત મહિલા આયોગ ગાંધીનગર દ્વારા મહિલાઓમા નારી અદાલતની સમજ તેમજ નારી સશક્તિ કરણ મહિલા વિસયક તમામ જાણકારી આપવા માટે વિસાવદર પટેલ સમાજમા આ સંમેલન યોજવામાં આવેલ હતુ. સંમેલનમાંજૂનાગઢ મહિલા અને બાલવિકાસમાથી જસાણી તેમજ પોગ્રામ ઓફિસર સારદાબેન તેમજ ધારાસભ્ય રીબડીયા વિસાવદર મામલતદાર કેસવાલા ટીડીયો માણાવદરીયા ૧૦૮ નિટીમતેમજ દહેજ પ્રતિબન્ધ અધિકારી જાદવ તેમજ મહિલા એડવોકેટ પદમાંની તાલુકા લાઈવ વલી હુડ મેનેજર નંદાણીયા તેમજ વિસાવદર આઈ સીડી એસસીડીપીઓ પરમાર હાજર રહેલ અને સંમેલનમા આવેલ બહેનોને માર્ગદર્શન આપેલ હતું.

# પાંચદ્વારકા ગામે મકાનમાં ગેસનો બાટલો ફાટ્યો, જાનહાનિ ટળી

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૬

વાંકાનેર તાલુકાના જુના પાંચદ્વારકા ગામ ખાતે એક મકાનમાં ગેસનો બાટલો ફાટ્યો હતો જે બનાવમાં ઘરના રસોડામાં નુકશાન થયું હતું. આ અકસ્માતનાં બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના જુના પાંચદ્વારકા ગામ ખાતે રહેતા બાદી સોયબ અબ્દુલરહીમભાઈના મકાનના રસોડામાં કોઈ કારણોસર ગેસનો બાટલો અચાનક ફાટ્યો હતો જેથી મકાનમાં આગ ફાટી નીકળી હતી જેને પગલે રસોડામાં રહેલ સામાનને ભારે નુકશાની થઈ હતી. પરંતુ આ અકસ્માતના બનાવમાં ગેસનો બાટલો ફાટ્યો તે સમયે રસોડામાં કોઈ હાજર ન હોવાથી કોઈ જાનહાની થઈ નહોતી. મકાનમાં ગેસનો બાટલો ફાટતા, આગ લાગવાથી ઈલેક્ટ્રિક ઉપકરણો, છતનું પ્લાસ્ટર અને રસોડામાં રહેલ માલસામાનને નુકશાની થઈ હતી.

# વાંકાનેરના ઢુવા નજીકથી દેશી મેગ્જીન વાળી પિસ્તોલ સાથે એકની ધરપકડ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૬

નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગના સંદીપસિંઘ સાહેબ તથા મોરબી પોલીસ અધિક્ષક મોરબી એસ. આર. ઓડેદરાની સૂચના મુજબ મોરબી એલ.સી.બી. ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર શહેર નજીક આવેલ ઢુવા ગામના ઓવરબ્રિજ પાસેથી એક શખ્સને દેશી મેગ્જીન વાળી પિસ્તોલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી એલસીબી ટીમ દ્વારા ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના ઢુવા ગામ નજીક આવેલ ઓવરબ્રિજ પાસે ઉભેલ ગીરીરાજસિંહ ગફલતસિંહ રજપુત (ઉ.વ.૩૦, રહે. અરૂણોદય સોસાયટી, વાંકાનેર)ને પકડી પાડી તલાસી લેતાં આરોપીના પેન્ટના નેફામાંથી દેશી મેગ્જીન વાળી પિસ્તોલ (કિંમત રૂ. ૧૦,૦૦૦) મળી આવતા આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં આરોપીની પૂછપરછ દરમિયાન મધ્ય પ્રદેશના રાજેશનદા નામનાં શખ્સનું નામ ખુલતા પોલીસ દ્વારા તેની સામે પણ ગુનો નોંધી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી એલસીબી ટીમની આ કામગીરીમાં પી.આઈ. વી. બી. જાડેજા, પી.એસ.આઈ. એન. બી. ડાભી, હેડ. કો. ઈશ્વરભાઈ કલોતરા, વિક્રમસિંહ બોરાણા, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, જયવંતસિંહ ગોહિલ, પો. કો. ભગીરથસિંહ ઝાલા, નિર્મળસિંહ જાડેજા, રણવિરસિંહ જાડેજા, AHTU ના હેડ કો. દશરથસિંહ ચાવડા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# વંદે માતરમ્ ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજી ૯૦ બોટલ રક્ત એકત્ર કરાયું




ચક્રવાત ટીમ, તા.૦૬

વંદે માતરમ્ ગૃપ દ્વારા પુરુષાર્થ મંદિરના પટાંગણમાં ત્રીજા રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યક્ષ સ્થાને કમલેશભાઈ મીરાણી(ભા.જ.પ.શહેર પ્રમુખ) હાજર રહેલ હતા તેમજ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં આ કાર્યક્રમને સફળ બનાવવામાં સુરેશભાઈ બોઘાણી, પંકજભાઈ લખતરીયા, દિનેશભાઈ લીંબાસીયા, હેમંતભાઈ કપુરીયા, હિતેશભાઈ ઢોલરીયા, મનોજભાઈ પાલીયા, લતાબેન ગોરસીયા, જયશ્રીબેન વગેરે એ જહેમત ઉઠાવી હતી કુલ ૯૦ બોટલ રકત એકત્રિત થયુ હતું.

# વિસાવદર પોલીસે નાસ્તો ફરતો આરોપી કોર્ટમાં સરેન્ડર કરવા આવતા કરી ધરપકડ



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૦૬

વિસાવદર પોલીસ દ્વારા પેસાની લેતી દેતી બાબતે હુમલો કરી નાસિજનાર આરોપીની ધરપકડ કરી હતી. વિસાવદર નો રહેવાસી ધવલ સોલંકી દ્વારા ફરિયાદ કરેલકે હનુમાન પરામાં રહેતો સમસુલહક કાળુભાઇ જાતે સિંધી પાસે રૂપિયા ૩૦૦૦ માંગતો હોય ત્યારે ધવલ દ્વારા સમસુહલ પેસાની ઉઘરાણી કરતા સમસુહલ તથા તેમની સાથે હસન ઉર્ફ બોદું બંને ઉશ્કેરાય ગયેલ અને ધવલ ઉપર છરીથી હુમલોકરીને નાસી છૂટ્યા હતા.

વિસાવદર પોલીસ દ્વારા ધવલની ફરિયાદ લય બંને આરોપી વિરુદ્ધ આઈ પીસી ૩૨૩/૩૨૪/તથા અન્ય કલમો લગાવી ગુનો દાખલ કરેલ ત્યારથી આરોપી પોલીસ પકડથી દૂર હોય પરંતુ આરોપી દ્વારા પોલીસ ઉપર દબાણ લાવવા વિસાવદર કોર્ટમા સરેન્ડર અરજી કરતા કોર્ટ દ્વારા સરન્ડર અરજી નામન્જુર કરતા વિસાવદર પોલીસે બંને આરોપીની ધરપકડ કરીને વિસાવદર કોર્ટમા રિમાન્ડની માંગ સાથે રજૂ કરતા કોર્ટ દ્વારા આરોપીના બે દિવસના રિમાન્ડ મન્જુર કરેલાકેસની વધુ તપાસ વિસાવદર પોલીસના એ.એસ.આઈ. આર.બી. દેવમુરારી ચલાવી રહેલ છે.

# ઊના બેંક ઓફ બરોડામાં ગ્રાહકોની લાંબી કતાર




ચક્રવાત ટીમ ઊના, તા.૦૬

ઊના બેંક ઓફ બરોડને મુખ્ય બ્રાન્ચ જેમાં ગ્રામ્ય વિસ્તારોના ગ્રાહકો ખાતા ધારકો પોતાના નાણા જમા ઉપાડ માટે આવતા હોય છે. જેથી બેંકના બહારના ભાગે વહેલી સવારથી ગ્રાહકો વારા માટે લાઈનમાં ઉભા રહી જતાં હોય છે. જ્યારે બેંક ખુલ્લે ત્યારે એક સાથે ટોળા વળીને ઉભા હોય છે. આ બાબતે બેંકના મેનેજરે જણાવેલ હતુ કે બેંકમાં ત્રીસ હજાર જેટલા ખાતાઓ હોય જે વધુ ગ્રામ્ય વિસ્તારના લોકોને કોઈ ખોટો ભ્રમ ફેલાવી બેંક બંધ થઈ જશે બેંક ઉઠી જશે તેવો ડર ઉભો કરેલ જેથી એક સાથે મોટી સંખ્યામાં ગ્રાહકો લોકો પોતાની બેંક પાસબુકમાં એન્ટ્રી પડાવવા માટે પહોચી જતા હોય છે.

# વેરાવળમાં ૨૦૧૭ માં ખાતમુર્હત કરાયેલ પુલનું કામ ત્રણ વર્ષ બાદ પણ અધુરૂ રહેતા લોકોમાં રોષ




ચક્રવાત ટીમ વેરાવળ, તા.૦૬

વેરાવળમાં બિરલા મંદિરની પાછળ આવેલા પૌરાણિક જાલેશ્વર મંદિરએ પહોંચવાના રસ્તા પર વચ્ચે નદી અને દરીયો આવે છે. તે સ્થળે પુલ બનાવવાના કામનું ખાતમુર્હત ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પૂર્વે કરવામાં આવ્યું હતું. આ કામ આજે પણ પૂર્ણ ન થયું હોવાથી લોકોમાં રોષ છે. જાલેશ્વરના આ પૂલનું કામ વ્હેલીતકે પૂર્ણ કરાવવા એડવોકેટ મેહુલ દરીએ મુખ્યમંત્રને રજૂઆત કરી છે. વેરાવળના એડવોકેટ મહેલ દરીએ કરેલ રજૂઆતમાં જણાવ્યું કે, વેરાવળમાં મોટી સંખ્યામાં ખારવા સમાજનો વસવાટ છે. ખારવા સમાજના ઈષ્ટદેવ રામદેવજી મહારાજનું પૌરાણીક જાલેશ્વર મંદિર શહેરમાં બિરલા મંદિરની પાછળ આવેલ છે. જયાં દરરોજ મોટી સંખ્યામાં ખારવા સહિત તમામ હિન્દુ સમાજના લોકો દર્શન કરવા જાય છે. આ મંદિરે જવાના રસ્તા પર વચ્ચે નદી અને દરીયાનો ભાગ આવે છે. ચોમાસામાં આ રસ્તો બંધ થઈ જતો હોવાથી લોકોને મંદિરે જવા ૮ કીમી ફરીને જવુ પડતુ હતુ. જેથી આ રસ્તા પર લાંબા સમયથી પુલ બનાવવાની માંગણી થઈ રહી હતી. જેને રાજય સરકારે મંજુર કરી ૨૦૧૭ માં પુલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત રાજયમંત્રીએ કર્યુ હતું.

તે સમયે થોડા સમયમાં પુલ બની જશે તેવી જાહેરાત કરી હતી. ખાતમુહૂર્તના ત્રણ વર્ષ બાદ પણ આજની સ્થાતિએ પુલ બન્યો નથી. જેના કારણે પીએમ મોદી સરકારના અમોએ ખાતમુર્હત કરેલા કામોનું અમો જ સમયસર પુર્ણ કરી લોકાર્પણ કરતા હોવાના દાવા સામે લોકોમાં અનેક શંકા સાથે સવાલો ઉભા થયા છે. ત્યારે વ્હેલીતકે જાલેશ્વર મંદિરે જવાના પુલનું કામ પુર્ણ કરાવવામાં આવે તેવી માંગણી હોવાનું અંતમાં જણાવેલ છે. આ અંગે પીડબ્લયુડીના એન્જી. ચારણીયાએ જણાવેલ કે, ખાતમુહૂર્ત બાદ આવેલા બે થી ત્રણ વાવાઝોડા અને કોરોનાના કારણે લાંબો સમય સુધી પુલનું કામ થઈ શકયુ ન હતુ. આ ઉપરાંત ચોમાસાની સીઝનમાં પણ પુલનું કામ વારંવાર બાધિત થતુ હતુ. હાલની સ્થાતિએ પુલનું ૩૫ ટકા જેવું કામ થઈ ચૂક્યું છે. હાલ પુલની કામગીરી પુરજોશમાં ચાલુ હોય સંભવતઃ આગામી ચારથી છ માસમાં કામ પુર્ણ કરવા કોન્ટ્રાકટર એજન્સીને સુચના આપવામાં આવી છે.

# કોટડા સાંગાણી ખાતે આમ આદમી પાર્ટીએ ખેડૂતોની મુશ્કેલી અંગે આપ્યું આવેદન




ચક્રવાત ટીમ કોટડા સાંગાણી, તા.૦૬

કોટડા સાંગાણી તાલુકા ખાતે આમ આદમી પાર્ટીએ મામતદારને તાલુકાના વિસ્તારમાં સિંહના આંટા ફેરા થતાં હોવાથી માલધારી લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને ખેડૂતોને પણ રાતે ખેતરમાં પાણી વાળવામાં તકલીફ પડી રહી છે અને ખેત મજૂરો પણ બીકના માર્યા કામ પર જતા ડરે છે. જેથી કરી ખેડૂતોને પારાવાર મુશ્કેલીમાંથી બચવા આમ આદમી પાર્ટી દ્વારા મામલદારને આવેદન આપીને રજૂઆત કરવામાં આવી અને જો જરૂર પડ્યે ધરણાં પર બેસવાની ચીમકી આપી છે. આ તકે તાલુકા પ્રમુખ જયદીપભાઈ ડાંગર તેમજ રાજકોટ જીલ્લા યુવા પ્રમુખ યોગરાજસિંહ જાડેજા તેમજ તાલુકા ઉપપ્રમુખ યોગેશભાઈ વસોયા, રાજુભાઈ કાછડીયા, નિતેશભાઈ ખુંટ, ભાવેશભાઈ તોગડિયા, રાજન સોજીત્રા, ભાવેશ ભાઈ ગઢયા ઉપસ્થિત રહ્યા હતા.

# 'કબીર સિંહ' ફિલ્મમાં રોલ ભજવનારે ન્યૂડ ફોટોશૂટ કરી આપ્યો ખાસ મેસેજ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૫

શાહિદ કપૂર અને કિયારા અડવાણીની ફિલ્મ કબીર સિંહ લોકો હજુ પણ ભૂલ્યા નથી. તેલુગુ ફિલ્મ અર્જૂન રેડ્ડીની આ રીમેક ફિલ્મે બોક્સ ઓફિસમાં ટંકશાળ પાડી હતી અને ૨૫૦ કરોડ જેટલો વકરો કર્યો હતો. ફિલ્મના તમામ પાત્રો ખુબ ફેમસ થયા હતા. ખાસ કરીને કબીર સિંહની હાઉસ હેલ્પર ખુબ ચર્ચામાં આવી હતી. અભિનેત્રી પર ખુબ મેમ્સ પણ બન્યા હતા. આ અભિનેત્રી હાલ ફરીથી ચર્ચામાં છે. અભિનેત્રીનું નામ વનિતા ખરાત છે. કબીર સિંહ ફિલ્મમાં હેલ્પરની ભૂમિકા નિભાવનારી અભિનેત્રી વનિતા ખરાતે એક ફોટોશૂટ કરાવ્યું છે. આ ફોટોશૂટે ધમાલ મચાવી દીધી છે. અભિનેત્રીએ ખુબ બોલ્ડ અદાઓ દેખાડી છે.





વનિતાએ ન્યૂડ ફોટોશૂટ કરાવ્યું છે. હકીકતમાં નવા વર્ષના અવસરે વનિતા ખરાતે પોતાના સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર પોતાનો જ ન્યૂડ ફોટો શેર કર્યો છે. આ ફોટો ખુબ વાયરલ થઈ રહ્યો છે. જો તમે તેના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ પર એક નજર નાખશો તો તે કદાચ જ તમને બોલ્ડ લૂકમાં જોવા મળશે. તેણે મોટાભાગે ભારતીય કપડામાં જ પોતાનું ફોટોશૂટ કરાવ્યું છે. આથી વનિતાનો આ અવતાર જોઈને તેના ફેન્સ ચોંકી ગયા છે. આ ફોટોશૂટ કરાવવા પાછળ વનિતાનો એક ખાસ હેતુ હતો. તે લોકોને 'બોડી પોઝિટિવિટી'નો સંદેશ આપવા માંગતી હતી. આ ફોટામાં તે જમીન પર બેઠેલી નજરે ચડે છે.

તેણે પોતાના શરીરને એક પતંગ પાછળ છૂપાવવાનો પ્રયત્ન કર્યો છે. ફોટો શેર કરતા વનિતાએ લખ્યું કે મને મારી ટેલેન્ટ, પેશન, કોન્ફિડન્સ અને શરીર પર ગર્વ છે. આ ફોટાના માધ્યમથી વનિતાએ લોકોને સંદેશ આપ્યો છે કે બોડી શેમિંગ થવું જોઈએ નહીં. અનેક લોકોએ અભિનેત્રીની ટીકા કરી જ્યારે કેટલાક લોકોએ તેના આ બોલ્ડ સ્ટેપના વખાણ પણ કર્યા છે. 'કબીર સિંહ' ફિલ્મમાં જોવા મળેલી વનિતા ખરાત મરાઠી અભિનેત્રી છે. તેણે પહેલીવાર હિન્દી ફિલ્મોમાં 'કબીર સિંહ' દ્વારા પદાર્પણ કર્યું હતું. આ અગાઉ તે અનેક મરાઠી કોમેડી શોમાં અને નાટકોમાં જોવા મળી હતી.

# આજે કાંગારૂ સામે ટાઈગરની ટક્કર : મેચ રિપોર્ટના ઈતિહાસ મુજબ ઓસી.ની ૧૨માંથી પાંચ જીત

સીડની,તા.૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૪ ટેસ્ટ સિરીઝની અંતિમ મેચ આવતીકાલે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (જીઝય) પર રમાશે. ઓસ્ટ્રેલિયાએ આ ગ્રાઉન્ડ પર ભારત સામે ૧૨ મેચ રમી છે, એમાંથી ૫ જીતી અને ૧ હારી છે. અત્યારે સિરીઝ ૧-૧ની બરાબરી પર છે.



આ મેચ માટે ભારતીય ટીમે બે ફેરફાર કર્યા છે. ઓપનર મયંક અગ્રવાલની જગ્યાએ રોહિત શર્માને અને ઈજાગ્રસ્ત ઉમેશ યાદવની જગ્યાએ નવદીપ સૈનીને પ્લેઈંગ-૧૧માં સામેલ કરાયા છે, જ્યારે ઓસ્ટ્રેલિયા માટે ડેવિડ વોર્નર અને વિલ પુકોવ્સ્કી ઓપનિંગ કરશે. જો બર્ન્સને સ્ક્વોડમાંથી ડ્રોપ કરાયો છે.

સિડની રવાના થતાં પહેલાં રોહિત શર્મા સહિત એ પાંચેય ખેલાડી, જેમના પર પ્રોટોકોલ તોડવાનો આરોપ લાગ્યો છે તેમનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બધા સિડનીમાં બાકીના ખેલાડીઓ સાથે પ્રેક્ટિસ કરતા પણ જોવા મળ્યા છે. ઓસ્ટ્રેલિયન ટીમ નવી ઓપનિંગ જોડી સાથે રમશે. ઓસ્ટ્રેલિયન ટીમ સિરીઝમાં સારી ઓપનિંગ ભાગીદારી માટે ઝઝૂમી રહી છે. ઈજામાંથી સ્વસ્થ થઈને પરત ફરેલો ડેવિડ વોર્નર ત્રીજી ટેસ્ટમાં રમશે. તે વિલ પુકોવ્સ્કી સાથે ઓપનિંગ કરશે. આ વિલની ડેબ્યુ ટેસ્ટ સાબિત થશે. કોહલીની ગેરહાજરીમાં કપ્તાની કરી રહેલો અજિંક્ય રહાણે સિરીઝનો ટોપ સ્કોરર છે.

રોહિતના આગમનથી ટીમ મજબૂત થઈ છે. તે પહેલીવાર વિદેશમાં ઓપનિંગ કરશે. શુભમન ગિલે પણ બોક્સિંગ ડે ટેસ્ટમાં સારું પ્રદર્શન કર્યું હતું. બેટિંગ ડિપાર્ટમેન્ટમાં આ ત્રણેય પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા રહેશે. સિડનીમાં ગુરુવારે વરસાદની સંભાવના છે. એ પછી ચાર દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે. મિનિમમ તાપમાન ૧૯ ડીગ્રી અને મેક્સિમમ તાપમાન ૨૧ ડીગ્રી સેલ્સિયસ રહેશે. સિડનીની પિચ બેટ્સમેનોને મદદ કરશે. ટેસ્ટના ચોથા અને પાંચમા દિવસે સ્પિનર્સને મદદ મળી શકે છે. બ્રિસ્બેન અને પર્થની પિચની જેમ અહીં ફાસ્ટ બોલર્સને એક્સ્ટ્રા બાઉન્સ નહિ મળે.

# દક્ષિણ આફ્રિકન ક્રિકેટર ડૂસને ગોડ ઓફ ધી ક્રિકેટ સચિન સાથે સરખાવતા ચાહકોમાં રોષ

(જી.એન.એસ.)જોહાનિસબર્ગ,તા.૫

શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી ટેસ્ટ મેચ જોહાનિસબર્ગમાં રમાઈ રહી છે. સીરિઝમાં ૧-૦ની લીડ લઈ ચુકેલી દક્ષિણ આફ્રિકા ટીમનું પલ્લુ બીજી મેચમાં પણ ભારે લાગી રહ્યું છે. પ્રથમ ઈનિંગમાં મોટા સ્કોર તરફ આગળ વધી રહેલી દક્ષિણ આફ્રિકા ટીમનો મધ્યક્રમ પૂરી રીતે ફેલ રહ્યો હતો અને શ્રીલંકાએ અંતિમ ૮ વિકેટ ૮૪ રનમાં જ ગુમાવી દીધી હતી.





દક્ષિણ આફ્રિકા તરફથી ડીન એલ્ગરે ૧૨૭ અને વૈન ડેર ડૂસને ૨૭ રનની ઈનિંગ રમી હતી અને ટીમનો સ્કોર ૩૦૨ રન સુધી પહોંચાડ્યો હતો. આ મેચ દરમિયાન સીરિઝના પ્રસારણકર્તાએ વૈન ડેર ડુસેનની તુલના ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકર સાથે કરી હતી. જે વાત ક્રિકેટ પ્રેમીઓને પસંદ ન પડી અને ટ્રોલ કરવાનું શરૂ કર્યુ હતું.

પ્રસારણકર્તા સુપર સ્પોર્ટે સચિન અને વૈનની કરેલી તુલનાથી ક્રિકેટ ચાહકો ભડક્યા હતા. સુપર સ્પોર્ટે ૩૧ વર્ષીય ડુસેનની શરૂઆતની ૯ મેચના આંકડા અને સચિનની આટલી મેચના આંકડા દર્શાવીને દક્ષિણ આફ્રિકન બેટ્સમેનને સચિનની સમકક્ષ બતાવવાની કોશિશ કરી હતી. સચિન તેંડુલકરે ૧૬ વર્ષની વયે ટેસ્ટ ડેબ્યૂ કર્યુ હતું, જ્યારે સાઉથ આફ્રિકાના વૈન ડેર ડુસેનની હાલ ઉંમર ૩૧ વર્ષ છે. બ્રોડકાસ્ટરે બંનેની શરૂઆથની ૯ મેચની સરખામણી કરી હતી. ડુસેન ૯ મેચમાં ૨૯૨ રન બનાવ્યા છે, જ્યારે સચિને ૯ ટેસ્ટમાં ૩૨૭ રન બનાવ્યા હતા. આ સ્ક્રીન શોટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં વોર્નરની પરત ફરવું લગભગ નક્કી

(જી.એન.એસ.)સિડની,તા.૫

ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નર વાપસી કરી શકે છે. જ્યારે વિલ પુકોવ્સ્કી સિડની ટેસ્ટમાં ડેબ્યુ કરી શકે છે. મુખ્ય કોચ જસ્ટિન લેંગરે મંગળવારે પસંદગીકારો સાથેની બેઠક બાદ આ સંકેત આપ્યો છે. તેમણે કહ્યું- મને આશા છે કે વોર્નર ત્રીજી ટેસ્ટમાં રમવા માટે તૈયાર છે. તેણે રમવા માટે શક્ય છે એ બધું કર્યું છે. ડૉક્ટરો દ્વારા પુકોવ્સ્કીને પણ ફિટ જાહેર કરવામાં આવ્યા છે. તેણે ટ્રેનિંગમાં સારો દેખાવ કર્યો. તે ભારત સામે ત્રીજી ટેસ્ટમાં ચોક્કસપણે રમશે. ત્રીજી મેચ ૭ જાન્યુઆરીથી સિડનીમાં રમાવાની છે. વોર્નરે આ સિઝનમાં એક પણ ટેસ્ટ મેચ રમી નથી.




ટીમ ઈન્ડિયા સામે ત્રણ મેચની વનડે સીરિઝની બીજી મેચમાં વોર્નરને ઈજા થઈ હતી. જેના કારણે તે ત્રીજી વનડે સહિત ત્રણ્-૨૦ મેચ અને ચાર ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ બે મેચમાં રમી શક્યો ન હતો.

જો કે, વોર્નરે મેલબોર્નમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેને દોડવામાં મુશ્કેલી આવી રહી છે. તેને ઓછી આશા છે કે તે ત્રીજી ટેસ્ટ પહેલા ૧૦૦% ફિટ થઈ શકશે.

# બસ થોડા જ પ્લેયર બાકી અને ભારતીયોની ઈન્જર્ડ ટીમ તૈયાર : રાહુલ પણ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)સિડની,તા.૫

ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સીરિઝમાં ૧-૧ની બરોબરી પર રહેલી ભારતીય ટીમને એક ઝટકો લાગ્યો છે. ભારતીય બેટ્સમેન કે એલ રાહુલને મંગળવારે ટ્રેનિંગ દરમિયાન કાંડામાં ઈજા થતા તે બાકીની બે ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. બીસીસીઆઈએ આપેલી માહિતી મુજબ મેલબોર્નમાં ટ્રેનિંગ દરમિયાન કે એલ રાહુલને ઈજા થઈ હતી. વર્તમાન ટેસ્ટ સીરિઝમાં રાહુલ એકપણ ટેસ્ટમાં રમ્યો નથી. ઓસ્ટ્રેલિયા અને ભારતની વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ ગુરુવારથી શરૂ થશે.



બોર્ડે એક નિવેદનમાં જણાવ્યા મુજબ શનિવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટીમ ઈન્ડિયાની ટ્રેનિંગ વખતે નેટ્સમાં બેટિંગ કરતા કે એલ રાહુલના ડાબા કાંડા પર બોલ વાગતા તેને ઈજા પહોંચી હતી. રાહુલને સંપૂર્ણ ફિટ થતા ત્રણ સપ્તાહનો સમય લાગી શકે તેમ હોવાથી તે સીરિઝની બે ટેસ્ટ રમી શકશે નહીં.

પ્રેક્ટિસ દમરિયાન ભારતના ત્રણ થ્રોડાઉન નિષ્ણાતો પૈકી એકનો સામનો કરતી વખતે કે એલ રાહુલને ઈજા થઈ હતી. કે એલ રાહુલ મંગળવારે ટીમ ઈન્ડિયા સાથે સીડની પહોંચ્યો હતો અને ત્યાંથી તે ભારત પરત આવવા રવાના થયો હોવાનું જણાયું છે.

રાહુલને બેંગ્લુરુ ખાતેની નેશનલ ક્રિકેટ એકેડમીમાં રીહેબિલિટેશન માટે મોકલવામાં આવશે. ઈજાને પગલે રાહુલ પર આગામી ઈંગ્લેન્ડ સામેની ચાર ટેસ્ટ મેચ સીરિઝમાં રમવાને લઈને પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે. ૫ ફેબ્રુઆરીથી ઈંગ્લેન્ડના ભારત પ્રવાસનો ટેસ્ટ મેચથી પ્રારંભ થશે.

# કેટરિના કૈફે વિકી કૌશલ સાથેનો ફોટો શેર કરી તુરંત કર્યો ડિલિટ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

વિક્કી કૌશલ અને કેટરીના કૈફ પાછલા ઘણા સમયથી તેમના રિલેશનશિપના કારણે ચર્ચામાં છે. જો કે બંનેમાંથી કોઈએ અત્યાર સુધી રિલેશનને એક્સેપ્ટ નથી કર્યુ. આ ઉપરાંત બંનેએ નવુ વર્ષ પણ એકસાથે સેલિબ્રેટ કર્યુ. જેની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ હતી. કેટરીના કૈફે પોતાની બહેનનો એક ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, પરંતુ તે ફોટોમાં તેની બહેનની પાછળના ગ્લાસમાં વિક્કી કૌશલની એક ઝલક દેખાઈ ગઈ.

જ્યારે કેટરીનાને આ વિશે ખ્યાલ આવ્યો તો તેણે તરત જ આ તસવીર ડીલીટ કરી નાંખી હતી પરંતુ ત્યાં સુધીમાં આ તસવીર વાયરલ થઈ ચુકી હતી.

જણાવી દઈએ કે તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં વિક્કી કૌશલને જ્યારે કેટરીના કૈફ સાથે તેના રિલેશન વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું કે, હું મારી પર્સનલ લાઈફને સીક્રેટ રાખુ છુ તેથી હું કંઈ નહી કહુ.

વિક્કીએ કહ્યું હતુ, મારી પર્સનલ લાઈફ છે અને તેને હું બધાથી છુપાવીને રાખવા માગુ છુ. જો તમે આ વિશે વાત કરશો તો તેનાથી વાતો ઉઠશે અને તે બરાબર નથી. હું મારી પર્સનલ લાઈફને લઈને થોડો એલર્ટ રહુ છું અને હું આ સમયે કોઈ બાબતે ખુલીને વાત કરવા નથી માગતો.

# આશા ભોંસલેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક

(જી.એન.એસ.)મુંબઈ,તા.૫

સોશિયલ મીડિયા હાલ એક એવુ પ્લેટફોર્મ જ્યાં દરેકને પોતાના મનની વાત કહેવાનો મોકો મળે છે જો કે ક્યારેક સોશિયલ મીડિયા પર એવી ઘટનાઓ બને જેનાથી મુશ્કેલી સર્જાતી હોય છે. કોઈપણ કલાકાર માટે સોશિયલ મીડિયા એટલે તેમના પ્રશંસકો સાથેનુ જોડાણ. એકાઉન્ટ હેક થવા એ કોઈ નવી વાત નથી. કેટલાયે દિગ્ગજ કલાકારોના એકાઉન્ટ હેક થયાના કેટલાયે કિસ્સાઓ છે. હાલમાં સુપ્રસિદ્ધ સિંગર આશા ભોંસલે સાથે આવુ જ થયુ હતુ. લિજેન્ડરી સિંગર આશા ભોંસલેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સોમવારે હેક થઈ ગયું હતું. થોડા કલાકો પછી, ઈન્સ્ટાગ્રામ તકનીકી ટીમે તેને ફરીથી સરખુ કરી આપ્યુ હતુ.

આશા ભોંસલેના આ અકાઉન્ટ પર અઢી લાખથી વધુ ફોલોઅર્સ છે, જો કે આ દરમિયાન તેમની ઈન્સ્ટામાંથી બધી પોસ્ટ્સ ડીલીટ કરી નાખવામાં આવી હતી. આશા ભોંસલેએ કહ્યું કે, તેને કોપીરાઈટનું ઉલ્લંઘન કરતો એક મેસેજ મળ્યો અને તેનું એકાઉન્ટ હેક થઈ ગયું. ત્યારબાદ તેણે તેનો સ્ક્રીન શોટ લીધો અને ટ્વીટ દ્વારા તેના ચાહકોને ચેતવણી આપી કે તેની પ્રોફાઈલમાંથી કોઈ મેસેજનો જવાબ નહીં આપે. જ્યારે આશાજીને સમગ્ર મામલાની જાણ થઈ તેમણ તાત્કાલીક રીતે ઈન્સ્ટાગ્રામનો સંપર્ક કર્યો. ટીમ પણ કામે લાગી અને ટેકનીકલ ઈશ્યુ સોલ કરતા જ ફરીથી તેમનુ એકાઉન્ટ રીકવર કરી આપવામાં આવ્યુ.



ત્યારબાદ આશા ભોંસલેએ ઈન્સ્ટાગ્રામની ટીમનો આભાર માન્ય હતો. "મારું ખાતું મને ઈન્સ્ટાગ્રામ ટીમના ઝડપી પ્રતિસાદ અને સત્તાવાર રીતે જાહેરાત કરવા માટે શાનદાર સમર્થન બદલ આભારી છુ. તમારા ધૈર્ય બદલ તમારો આભાર. જો કે સુપ્રસિદ્ધ ગાયિકાએ ટ્વિટ કર્યું. જ્યારે તેમના બે લાખથી વધુ ફોલોઅર્સ છે, ત્યારે ભોંસલેના એકાઉન્ટમાં હાલમાં શૂન્ય પોસ્ટ્સ છે. તાજેતરમાં જ અભિનેતા-રાજકારણી ઉર્મિલા માતોંડકર, સેલિબ્રિટી ઈન્ટિરિયર ડિઝાઈનર સુઝાન ખાન, અભિનેતા વિક્રાંત મેસી અને કોરિયોગ્રાફર-ડિરેક્ટર ફરાહ ખાનના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પણ હેક થયા હતા.

# માસ્ક કાઢવાનું કહેતા કેમેરામેનને સારાએ આપ્યો જડબાતોડ જવાબ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૪

કોરોનાને લઈ સામાન્ય લોકોની સાથે સાથે સેલેબ્સ પણ સાવધાની રાખી રહ્યા છે અને સરકારના બધા નિયમોનું પાલન કરી રહ્યા છે. માસ્ક અને સામાજિક અંતર એ કોરોનાથી બચવા માટે સૌથી વધારે મહત્વની છે અને જ્યાથી કોરોના આવ્યો ત્યારથી જ લોકો તેને ફોલો કરી રહ્યા છે. ત્યારે હાલમાં સેલેબ્સ ઘરની બહાર નીકળી રહ્યાં છે અને કામ પર પરત ફરી રહ્યા છે. ત્યારે કેમેરામેન તેને ફોટો માટે માસ્ક ઉતારવાનું કહે છે, તો આ મામલે સારા અલી ખાન એક મિસાલ થઈને ઉભરી આવી છે અને તેનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે.

સામાન્ય રીતે એવું હોય કે સેલેબ્સ માસ્ક ઉતારીને ફોટો પડાવવા માટે ઉતાવળા થતાં હોય છે. ત્યારે સારા અલી ખાને આવું કરવાની ચોખી ના પાડી દીધી. આ વીડિયોમાં સારા એરપોર્ટ પર જોવા મળી રહી છે. જ્યાં તે તેના ફેન્સ સાથે સેલ્ફી પડાવી રહી છે તેનો નજારો પણ જોવા મળી રહ્યો છે. આ સમય દરમિયાન પૈપરાજી પણ તેની તસવીરો ક્લિક કરી રહ્યા છે. પણ જોવા જેવું એ છે કે સારા આ દરમિયાન માસ્ત ઉતારતી નથી.

જ્યારે તે માસ્ક ઉતાર્યા વગર જ કારમાં બેસે છે અને ફોટો ક્લિક કરાવે છે ત્યારે પૈપરાઝી સારાને માસ્ક કાઢવાનું કહે છે. પરંતુ તે ચોખ્ખી મનાઈ જ ફરમાવે છે. તો સામે ફોટોગ્રાફર્સ કહે છે કે તમે તો કાર અંદર બેઠા છો તો પ્લીઝ માસ્ક વગર જ પોઝ આપી દો. તો એના જબાવમાં સારા કહે છે કે, માફ કરજો દોસ્તો પણ માસ્ક તો હું નહીં ક કાઢું હવે આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે અને લોકો સારાના વખાણ પણ કરી રહ્યા છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

**સોનીએ ૨,૪૩૬ કરોડના બોગસ બિલો બનાવી ૭૨ કરોડની ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ ઓળવી**

# અમદાવાદમાંથી ઝડપાયું ૨૪૩૫ કરોડનું જીએસટી કૌભાંડ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૬

અમદાવાદ નોર્થ કમિશનરેટની સેન્ટ્રલ જીએસટીની પાંખે ભરત ભગવાનદાસ સોની(શુકન સ્માઈલ સિટી, ન્યૂ રાણીપ, અમદાવાદ)ની બોગસ બિલિંગ કૌભાંડમાં ધરપકડ કરી છે. સોના ચાંદી અને હીરા અને જ્વેલરીની ખરીદીના ૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ બનાવ્યા અને ૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ક્રેડિટ લીધી. અમદાવાદની એડિશનલ ચીફ મેટ્રો મેજિસ્ટ્રેટની કોર્ટમાં ભરત સોનીને રજૂ કરાયો હતો. જેણે ભરત સોનીને ૧૪ દિવસના જ્યુડિશિયલ રિમાન્ડ પર સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો છે. આરોપી ભરત સોનીએ કરેલી જામીન અરજીને કોર્ટે ફગાવી દીધી છે. જીએસટી વિભાગના અંદાજ મુજબ, રૂ.૧૦ હજાર કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ રચીને રૂ.૩૦૦ કરોડની બનાવટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવેલી હોય શકે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સેન્ટ્રલ જીએસટીને મળેલી માહિતીના આધારે ભરત સોની સામે તપાસ કરાઈ અને તેણે શહેરના વિવિધ બુલિયન ટ્રેડર્સ સાથે સાંઠગાંઠ કરીને હજારો કરોડના બોગસ બિલ જનરેટ કરી કરોડો ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવ્યાનું શોધી કઢાયું.

મુખ્ય સૂત્રધાર ભરત સોનીએ ૬ અલગ અલગ પેઢીઓ ખોલી હતી. જે તેના પરિવારજનોના નામે હતી. જેમાં ઘનશ્યામ જ્વેલર્સ(ભરત સોની




પોતે), કનિષ્ક જ્વેલર્સ(ભાવિન સોની, પુત્ર) દીપ જ્વેલર્સ(દીપાલી પાટડીયા, પુત્રી), એન.એસ. એન્ટરપ્રાઈઝ(નીતિન પાટડીયા, જમાઈ), એસ.એ.ઓર્નામેન્ટ(શ્વેતા પાટડીયા, પુત્રી), બી-૨ જેમ્સ(આદર્શ પાટડીયા, જમાઈ)નો સમાવેશ થાય છે.

આ પેઢીઓ ખોલીને ભરત સોનીએ તેના નામે બોગસ બિલો જનરેટ કરવાનું શરૂ કરી દીધું. ઉપરાંત એક આખી બુલિયન જ્વેલર્સની ટોળકી રચી જેઓ પદ્ધતિસર વખતો વખત કરોડો રૂપિયાના અંદરો અંદર ટ્રેડિંગના વ્યવહારો બતાવી અને તેના બેંકિંગ વ્યવહારોના આધારે બોગસ બિલો જનરેટ કરતા ગયા. ફક્ત આ છ પેઢીના નામે જ રૂ.૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ જનરેટ થયા. જેના આધારે આ પેઢીઓના નામે રૂ.૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી.

જીએસટી વિભાગની તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે, આ આખા કૌભાંડની ચેઈન ઘણી મોટી છે અને બીજા ઘણાં મોટા માથાંઓ અને શહેરના નામી જ્વેલર્સ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. આ તમામ લોકોએ એક સિન્ડિકેટ રચીને સોના-ચાંદી, હિરા તથા જ્વેલરીની ખરીદીના અંદરો અંદરના વ્યવહારો દર્શાવી કરોડોના બોગસ બિલ ઉભા કર્યા હતા. પ્રાથમિક અંદાજ અનુસાર આ સિન્ડિકેટના બાકીના સભ્યોએ મળીને રૂ.૭૨૫૦ કરોડના બોગસ બિલ જનરેટ કરીને રૂ.૨૧૦ કરોડની ઈનપુટ ક્રેડિટ ઓળવી લીધી છે.

# જો બોર્ડની પરીક્ષામાં નાપાસ થશો તો ભરવો પડશે રૂા. ૩૦૦ દંડ : સંચાલકોની સહમતી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૬

રાજ્યમાં શાળા સંચાલકોની દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે પરિણામના આધારે નક્કી કરાયેલી ગ્રાન્ટ નીતિ રદ કરવામાં આવે. હાલ શાળાઓમાં પરિણામ આધારે નિભાવ ગ્રાન્ટની ચૂકવણી કરવામાં આવે છે. આ નીતિથી સંચાલકોને નુકસાન થતું હોવાની તેનો વિરોધ થઈ રહ્યો છે. વર્ષ ૧૯૮૬માં બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થાય તો દંડ વસૂલ કરવાની જોગવાઈ હતી. તે જોગવાઈનો અમલ કરવામાં આવે અને નિભાવ અમલમાં મૂકવા માગે છે.

નાપાસ થયેલા વિદ્યાર્થી દીઠ રુપિયા ૩૦૦ની જોગવાઈ માટે



સંચાલકોએ સંહમતી સાથે ફાઈલને જીવીત કરી અમલમાં મૂકવા રજૂઆત કરી છે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની ગ્રાન્ટને લઈને હાલ વિવાદ ચાલી રહ્યો છે. જેની સામે રાજ્યના બે મોટા સંચાલક મંડળ દ્વારા દૂર કરવાની રજૂઆત કરવામાં આવે છે. આવામાં સંચાલકો જૂની નીતિ રાખવા અને નાપાસ વિદ્યાર્થીઓ સામે દંડ ભરવા પણ તૈયાર છે.

૧૯૯૯માં જે ગ્રાન્ટ પ્રમાણે શાળાઓને નિભાવ ગ્રાન્ટ પેટે રકમ મળતી હતી તેમાં વર્ષ ૨૦૧૩માં ફેરફાર કરવામાં આવ્યા હતા અને રકમમાં વધારો કરાયો હતો. જે પ્રમાણે જો ધોરણ ૧૦અને ૧૨ પરિણામ સારું આવે તો ૧૦૦% ગ્રાન્ટ સ્કૂલોને મળતી હતી, પણ પરિણામ ખરાબ આવે તો ગ્રાન્ટ કાપી લેવામાં આવતી હતી. જો પરિણામ ૩૦% કરતા ઓછું આવે તો સ્કૂલને ગ્રાન્ટનો એક પણ રુપિયો નથી મળતો.

# વલસાડમાં હતુ સ્પા, નિકળ્યું કુટણખાનું : પોલીસે પાડી રેડ

(જી.એન.એસ.)વલસાડ,તા.૬

વલસાડમાં સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપર પર વર્ષ ૨૦૧૯માં પોલીસે દરોડો પાડી તેને બંધ કરાવી દીધું હતુ, પરંતુ નફ્ફટ સંચાલિકાએ તેનું નામ બદલી ફરીથી આ વેપલો વલસાડમાં શરૂ કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી આ વેપલો બે રોકટોક ચાલી રહ્યો હતો. જેની જાણ વલસાડ એલસીબીને થતાં તેમણે ત્યાં દરોડો પાડી આ વેપલો બંધ કરાવ્યો હતો.

એલસીબી એ પાડેલા દરોડામાં સ્પામાં કામ કરતા નીલકુમાર પ્રાણવેશ ભૌમિક, મોહમદ ગઝાલી મોહમદ ફારુક શેખ અને મસાજ કરાવવા આવેલો વાપીના નબીરા મૃદુલ મહેન્દ્ર લાલવાણીને પકડી પાડ્યા હતા. જ્યારે તેની સંચાલિકા પુનમ અશોક જૈન ત્યાં હાજર ન હોય પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી હતી. પોલીસે આ સ્પામાંથી ૨ સિક્કીમ અને ૨ મુંબઈની યુવતીને પકડી પાડી હતી. આ યુવતીઓનું નિવેદન લઈ પોલીસે તેમને મુક્ત કરી હતી. પુનમે સાંઇ લીલા મોલમાં ચાલતું આ સ્પા અગાઉ કાસા ફૂટ એન્ડ બોડી સ્પાના નામે ચાલુ કર્યું હતુ. જેના પર દરોડા બાદ તેણે ધ લક્ઝરી સ્પા એન્ડ વેલનેસના નામે સ્પાની આડમાં કુટણખાનુ ફરીથી શરૂ કર્યું હતુ. જેના પર પોલીસે દરોડો પાડ્યો હતો.પોલીસ દ્વારા હાલ તમામ ની અટકાયત કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# રાજકોટના સીમાડે ટ્રક અને બાઈક અથડાતા યુવાનનું ઘટનાસ્થળે મોત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૬

રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી પાસે આજે કારના શો રૂમ સામે ઓવરબ્રિજ પર ટ્રકે બાઈકને ટક્કર મારતા બિહારના સતીષકુમારસીંગ (ઉં.વ.૩૫)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું . જ્યારે તેના મિત્રને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવની જાણ પોલીસને થતા ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ ઓવરબ્રિજ પર બાઈક પર




જતા બે મિત્રોને ટ્રકે ટક્કર મારતા બંને રોડ પર ફંગોળાયા હતા. જેમાં સતિષકુમારસીંગનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવના પગલે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને ટ્રાફિકજામ થયો હતો. જો કે, પોલીસ આવતા જ ટોળા વિખેરાયા હતા અને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

ગોંડલ-રાજકોટ નેશનલ હાઈવે ઉપર બિલિયાળા ગામના પાટિયા પાસે શનિવારની વહેલી સવારે કપાસ ભરેલા ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેથી બંને વાહનમાં આગ ભભૂકી ઉઠી હતી જેના પગલે બંને વાહન બળીને ખાખ થયા હતા. કારમાં બેઠેલી ત્રણ મહિલા સળગીને ભડથું થઈ ગઇ હતી. જ્યારે એક યુવાન બહાર નીકળી જતા બચાવ થયો હતો. જો કે તે દાઝી ગયો હોવાથી સારવારમાં ખસેડાયો હતો. કાર ગોંડલથી રાજકોટ તરફ જતી હતી અને ટ્રક બિલિયાળા ગામ તરફથી હાઈ-વે ક્રોસ કરી રહ્યો હતો તે સમયે અકસ્માત થયો હતો.


# કાલુપુર રેલ્વે સ્ટેશને રીક્ષાનો પ્રતિબંધ એ રોજગારી પર તરાપ સમાન : ગુજ. હાઈ કોર્ટ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૬

કાલુપુર રેલવે સ્ટેશન પરિસરમાં રિક્ષાને મંજૂરી ન આપવાના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારાયો છે. ટેક્સીને પરિસરમાં મંજૂરી મળી છે, પરતું રિક્ષાને પરિસરમાં જવા મંજુરી આપવામાં આવી નથી. કોર્ટે સરકારને એવી ટકોર કરી હતી કે, રિક્ષાને શા માટે અંદર જવા મંજૂરી નથી? આ નિર્ણય ડ્રાઈવરોની રોજગારી પર તરાપ સમાન છે.

સરકારને જવાબ રજૂ કરવા ૮મી તારીખ સુધીનો સમય આપ્યો છે. અમદાવાદ રેલવે સ્ટેશન ઓટોરિક્ષા ડ્રાઈવર યુનિયનના પ્રમુખ મોહસીન ખાન દ્વારા હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ છે. તેમના વતી એડવોકેટ ખેમચંદ કોષ્ઠીએ એવી દલીલ કરી હતી કે, રિક્ષા ડ્રાઈવરોને લોકડાઉન દરમ્યાન ધંધાને માઠી અસર પડી છે અને હવે સરકાર રેલવે સ્ટેશનમાં અંદર જવા ન દેતા તેમની કમાણી અટકી ગઇ છે.

તો બીજી તરફ ટેક્સીને મંજૂરી અપાઈ છે. ભેદભાવભરી નીતિ સામે સરકારે છૂટછાટ આપવી જોઈએ. સરકાર તરફે એવી દલીલ કરી કરવામાં આવી હતી કે, રિક્ષાને અંદર નહી જવાનો નિર્ણય લીધો નથી. કોર્ટે એવી ટકોર કરી હતી કે રિક્ષા ડ્રાઈવરને અંદર નહીં જવા દેવાનો નિર્ણય તેમની રોજીરોટી પર તરાપ સમાન છે.



સત્ય માટે સત્ય સાથે સતત..
ચક્રવાત
ન્યુઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું "ચક્રવાત"

વાર્ષિક લવાજમ
Rs ૧૨૦૦/-
તા. ૧ જાન્યુઆરીથી
૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે

ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ

Contact Number - 9106617867

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)